॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ, પ્રકાશિત

# હરિઃૐ ગુંજ



"મારે સમાજને બેઠો કરવો છે." - શ્રીમોટા

**સંસ્કારો સામે સાવધાન :**

બોલતાં લાખવાર વિચારશો બધું સાંભળજો પણ કોઈને કાંઈ કહેશો નહિ. જરૂર વિનાનું નકામું સાંભળવું પણ નહિ. નકામું સાંભળવાથી એના સંસ્કાર પડે. કોઈની ગમે તેવી વાતો સાંભળવી તે પણ બરાબર નથી. એવું સાંભળવાથી આપણે એ ભોગવવું પડે. કોઈની નિંદા કરવી નહિ, તેમ સાંભળવી નહિ. બીજાના દોષ મારી આગળ જે બતાવે છે તેને હું દંભી ગણું છું. જે બીજાના દોષ જોયા કરે છે તે નબળો છે. હંમેશાં પોતે સુધરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંસાર-વ્યવહારમાં ગુણ-અવગુણ બંને છે. કોઈ સંપૂર્ણ નથી. કોઈ દેહધારી સંપૂર્ણ હોઈ શકે નહિ. આપણામાં ગુણ-અવગુણ બંને છે. જો ગુણ જોઈશું તો સારા ગુણનું ધન મળશે. જો અવગુણ જોશો તો તેના (અવગુણના) સંસ્કાર પડશે. જો કોઈ ખબર હોય અને તેનું પ્રેમથી સહન કરશો તો તે પણ તપ જ છે.



પૂ. શ્રી મોટાનો ચેતનારૂમ

પૂ. શ્રીમોટાના જન્મદિન
મહોત્સવ નિમિત્તે ભજન-ધૂન કરતા
સ્વજનો





પૂ. શ્રીમોટાના જન્મદિન નિમિત્તે
આરતી ઉતારતા સ્વજન શ્રી વિનોભાઈ મોદી
પરિવાર

હરિઃ ૐ આશ્રમ, નડિયાદ.
પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ

દ્વિમાસિક-સામયિક

વર્ષ : ૧૨ મું સપ્ટેમ્બર-૨૦૧૭

*** ટ્રસ્ટી મંડળ ***

શ્રી ગૌત્તમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જીતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી પ્રણવ એસ. પટેલ
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ

**નિ:શુલ્ક સામયિક**

**હરિઃ ૐ ગુંજ અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે ચેક અથવા મનીઓર્ડરથી કાર્યાલયને સરનામે મોકલવી.
(ઈન્કમટેક્ષ એકટની કલમ-૮૦ જી-(૫) ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ
પો. બો. નં. ૭૪, નડિઆદ,
પીન : ૩૮૭ ૦૦૧.
ફોન : ૭૮૭૮૦ ૪૬૨૮૮
૦૨૬૮-૩૨૪૬૨૮૮

## નિવેદન...

પૂ.શ્રીમોટાએ દિવ્યજીવન માટેની સાધના સંસારમાં પ્રાપ્ત ફરજો બજાવતાં બજાવતાં અત્યત ગુપ્ત રીતે કરી, એમનાં એમના સહકર્મી પણ આ જાણી શક્યા ન હતા, જીવનમાં અકસ્માત, દુઃખ અને પડકારોમાં એમણે પ્રભુકૃપાનાં દર્શન થયા છે. અને એ કૃપાને પાત્ર બનીને તે જીવ્યા છે.

સર્પદંશને પ્રભુકૃપા ગણી અને ન પરણવાનો સંકલ્પ હોવા છતાં પરણાવવા માટેની માતાની ઈચ્છામાં ગુરુનો આદેશ સાંભળી પોતાના આદર્શના આગ્રહનું પણ સમર્પણ કર્યુ અને જીવનની ઉન્નત ભાવનાને પ્રતિષ્ઠિત કરવા માટે જબરજસ્ત સંગ્રામ કર્યો. પરિણામે સર્પદંશ બાદ અજ્યાજપની સિદ્ધિ મળી અને લગ્નના મંડપમાં જ સમાધિના અનુભવ પ્રાપ્ત થયા.

રાગદ્વેષયુક્ત સંસારી જીવન-જીવદશાવાળાનું જીવન-સર્વ પૂર્વકર્મોનાં પરિણામોને ખપાવીને મુક્ત બની શિવદશામાં પામે એવી દશાવાળું જીવન એ પૂજ્ય શ્રી મોટાંનું જીવન-લક્ષ્ય હતું. તેનું બીજું નામ અમૂર્તરૂપ હતું. તેને પ્રગટ કરવા તેમણે ભજનકીર્તન-આત્મનિવેદન, પ્રાર્થના જેવા ભક્તિમાર્ગના સાધનો હૃદયના ઊંડા ભાવથી કર્યા. જે ભારતીય આધ્યાત્મિક સાધનની પરંપરામાં એક નોંધપાત્ર યોગદાન ગણાય છે. તેમણે અમૂર્તની ભક્તિ અર્થાત્ જ્ઞાન ભક્તિ એક સાથે પ્રગટાવી છે. પૂ.શ્રીમોટાએ આધ્યાત્મિક જ્ઞાનમાર્ગની દિશા એક કુશળ સદ્ગુરુ-શિક્ષકની જેમ સૂચવી છે.

સંપાદક : ડૉ.ચંપક મોદી
તા.૧૦-૯-૨૦૧૭

**શ્રી જિતેન્દ્રભાઈ અમીન**
મેનેજિંગ ટ્રસ્ટી
**હરિ : ૐ આશ્રમ, નડિયાદ**

# હરિ:ૐ ગુંજ

## વર્ષ : ૧૨મું

## સપ્ટેમ્બર-૨૦૧૭

**✽ લેખન : સંકલન ✽**

ડૉ. ચંપકભાઈ ર. મોદી
નડિયાદ.

**✽ સંપાદન ✽**

ડૉ. ઉષાબેન ખેર
ડૉ. બેલા આર. શાહ

❖ પ્રતિ ૨ માસે તારીખ ૧૦ થી ૨૦ માં અંક પ્રગટ થાય છે.

❖ સરનામું બદલાયું હોય તો ગ્રાહકે નંબર સાથે તાત્કાલિક કાર્યાલયમાં લેખિત જાણ કરવી.


### ✽ સાધક-લેખકોને નિમંત્રણ ✽

શ્રી મોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃ ૐ ગુંજ' દ્વિમાસિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે કાર્યાલયમાં મોકલી આપવું.

### ● લખાણ અંગે ●

* શ્રી મોટાના સાહિત્ય વિષયક
* શ્રી મોટાના જીવન વિષયક
* પોતાના મૌન-સાધનાના અનુભવો
* કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સાહિત્ય મોકલવું.
* નડિઆદ આશ્રમ પ્રવૃત્તિ વિષયક
* યોગ્ય સમયે સામયિકમાં કૃતિને સ્થાન આપવામાં આવશે.
* લેખકના કે અન્ય સાહિત્યકારના વિચારો, શ્રી મોટાના અને લેખકના પોતાના અંગત વિચારો છે.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી મોટાનું જીવન-દર્શન .... | ૩ |
| | ૧. 'તુજને નમુ હું "પ્રાર્થના" | |
| | ૨. જીવન એટલે શું | |
| | ૩. જીવનનું ધ્યેય | |
| | ૪. ધ્યેની સ્પષ્ટતા જરૂરી | |
| | ૫. જીવનના હેતુ માટે જાગૃતિ | |
| | ૬. આદર્શના અનુભવ પહેલા | |
| | ૭. આપણુ ખરું સ્વરૂપ | |
| | ૮. આજથી જ | |
| ૨. | આત્માનુંભવ-જીવન યજ્ઞ અને કર્મ .... | ૮ |
| | ૧. શ્રી સદ્‌ગુરુકળા, ૨. આત્માનુભવના પ્રકાર | |
| | ૩. જીવભાવે દયા એટલે અહંકાર | |
| | ૪. પ્રભુની અજોડ ઓથ, ૫. શરણાગત | |
| | ૬. ખરો યજ્ઞ ૭. જીવનનું મહત્ત્વનું કર્મ | |
| ૩. | પદ રજનો પ્રતાપ-(પદ્ય) .... | ૧૨ |
| | ૧. શ્રેયાર્થીનું ઊર્ધ્વ આરોહણ | |
| | ૨. સ્વીકારાત્મક ભૂમિકા - હુકમ પાલન | |
| | ૩. જીવન વિકાસની ભૂમિકા - સાધનામાર્ગ | |
| | ૪. સેવાપરાયણતા અને પ્રભુકૃપા | |
| ૪. | હરિને ભજતાં - શ્રી મોટાનું આત્મકથન. .... | ૨૦ |
| | ૧. ભગવાનનું સ્મરણ. | |
| | ૨. ભગવાનની કૃપા. | |
| | ૩. મર્દાનગીને પડકાર | |
| | ૪. અદ્‌ભુત ચમત્કાર - કેવી રક્ષા ! | |
| ૫. | પરાર્થે આત્મભોગ .... | ૨૫ |
| ૬. | ધ્યાનનો ચમત્કાર .... | ૨૭ |
| ૭. | સાચી ઈશ્વર ભક્તિ .... | ૩૦ |
| ૮. | સાધનાની પારાશીશી .... | ૩૨ |
| ૯. | શ્રી મોટાનાં બહુવિધ સ્વરૂપો. .... | ૩૪ |
| | ૧. માતૃભાવ દર્શન ૨. હૃદયપ્રવેશ, ૩. સંવાદ | |
| | ૪. પ્રોત્સાહન, ૫. આત્મીયતા ૬.ગમ્મત. | |
| | ૭. ખરી દક્ષિણા | |
| ૧૦. | જનેતાને અંજલિ ! .... | ૩૮ |

# ૧. શ્રી મોટાનું જીવન-દર્શન

## 'તુજને નમુ હું'

ના આદિ, મધ્ય નહિ અત જણાય જેનો,
પામી શકાય નહિ પાર કદીય જેનો,
ખેલી રહ્યો અણુ-અણુ મહીં વિશ્વમાં તું,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું. ૧

જેને ન જન્મ, ન જરા, વળી છે ન નાશ,
હંમેશ પૂર્ણ ; પ્રભુ, નિત્ય સ્વંયપ્રકાશ,
છે નિર્વિકલ્પ પણ સંકલના કરે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૨

છે વિદ્યામાન પ્રભુ, વ્યાપક છે બધે તું,
કોઈ પ્રભુ, તુજ વિના નહિ ઠામ ઠાલું,
આનંદ તું પરમ પ્રેમ, દયા પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૩

હોવાપણું કદીય હોય જ કોઈને જો,
એવો નથી તુજ વિના કહી કોઈ બીજો,
છે યોગ્ય એક જપ ચિંતવવા પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું. ૪

**'તુ જ ચરણે' પૃ.૨૪-૨૫**

# ૨. જીવન એટલે શું ?

જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલી (જીવની) ચેતનાશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા. જીવન નદીના પ્રવાહની માફક પ્રતિક્ષણે પલટાતું જાય છે ; ને છતાં તે પલટા-ફેરફારો જૂનાના આધાર ઉપર જ થતા રહેલા હોય છે. સંસ્કારોનો યે નદીના પટની માફક એક પટ પણ રચાયેલો હોય છે. તે પટમાં વહેવા તરફ જીવનપ્રવાહનું વલણ અને નવા સંસ્કારોનું ઘડતર સાધારણ રીતે અને સ્વાભાવિક રીતે હોય છે. તેથી ઈન્દ્રિયોના સામ્રાજ્ય હેઠળ ઘણા માનવીઓ કર્મના સંસ્કારનાં પોટલાં બાંધીને જગતમાં આવ્યા હોય છે અને વધારે મોટાં પોટલાં બાંધીને જગતમાંથી ચાલતા થાય છે. કોઈ કોઈ વિરલ વ્યક્તિઓને જ એ પોટલું છોડીને મૂકીને જ કોઈ પણ જાતના બંધન વિના, બોજા વિના, આ સંસારમાંથી પ્રયાણ થઈ શકે તેવી સ્થિતિ મેળવવાની પ્રબળ ઈચ્છા થાય છે. આવી પ્રબળ ઈચ્છાને પરિણામે એવો કોઈ પોતાની ઇન્દ્રિયોને તેમના તેમના વિષયોમાં રસ લેતી રોકવા માંડે છે. એ રીતે ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે સાક્ષીભાવ રાખતાં રાખતાં એવો ધન્ય જીવ નિરાસક્ત બનતો જાય છે. તે છેવટે એની ઇન્દ્રિયોની ટેવનું એવું રૂપાંતર થઈ જાય છે કે ઇન્દ્રિયોનો પણ સાક્ષીભાવ રહેવો સહજ થઈ જાય છે. આમ એની વૃત્તિ નિરાસક્તિના ઠંડા ભાવના-પ્રવાહમાં વહેતી થાય છે. એટલે સંસ્કારોની સંપુર્ણ શુદ્ધિ થવા આવતાં એનાં કર્મ બંધનો તૂટે છે.

**'જીવનસંદેશ'**
**પૃ.૨૨૪**

# ૩. જીવનનું ધ્યેય

આપણા જીવનનું - મનુષ્ય - માત્રના જીવનનું - ધ્યેય શ્રીભગવાનના ભાવનો અનુભવ કરી એનામય બની જઈને એનું યંત્ર બની જવું ને પછીથી જ જેમ ચલાવે તેમ ચાલવું, ને એમ પાછું અનુભવ્યા કરવું એ જ હોવું જોઈએ એમ મને પોતાને તો લાગે છે. દરેક જણે પોતાનું ધ્યેય નક્કી કરી લેવું ઘટે ને નક્કી કર્યા પછી આપણી સર્વશક્તિ તેની પાછળ ખર્ચી દેવાની રહે છે. સતત પુરુષાર્થ, એ જ લઢણ, એ જ રટણ, એ જ સર્વસ્વ, એવી ધૂન પેદા કરવાની રહે છે. એટલે તમારી વૃત્તિ કે પ્રકૃતિ પ્રમાણે ક્યો માર્ગ તમને ગમશે તે તમારે નક્કી કરી લેવાનું રહે છે. જો કર્મ-માર્ગ દ્વારા તમને રુચતું હોય તો ઉપર કહ્યું તે પ્રમાણે કરવાનું રાખો ; જો કે કર્મમાર્ગનો હાલ જે અર્થ કરે તેવો તે ક્ષુલ્લક નથી. ભાવ-ના મૂળ પાયા પરથી જે કર્મ યજ્ઞભાવે થયાં કરે એને કર્મમાર્ગ કહેવાય.

**'જીવનપગરણ', પૃ.૧૧**

# ૪. ધ્યેયની સ્પષ્ટતા જરૂરી

ચેતનાપૂર્વકની જાગૃતિ રહે કેમ ? માત્ર ખાલી વિચારણાથી તેવું શક્ય નથી. સૌથી પ્રથમ તો માનવજીવનની મહત્તા ને એનું રહસ્ય ને એ જીવનનો હેતુ એ બધાં વિષે દૃઢ, નિશ્ચયાત્મક વલણ આપણામાં ઊગી જવાં ઘટે. અંતરમાં એ પરત્વેનો અનુરાગ અવારનવાર તે પરત્વે જીવને તાણી જાય છે તે વાત જુદી છે. પણ માનવીજીવનનું ધ્યેય પરત્વેનું નિશ્ચયાત્મક વલણ - ગતિરૂપે મનમાં આતુરતા ને તાલાવેલી રૂપે પૂરેપૂરું જાગેલું નથી ત્યાં સુધી તેવી જાગૃતિ રહેવી પણ મુશ્કેલ છે. ખાલી કોરી કોરી બુદ્ધિથી, 'માનવજીવનનો હેતુ ને ધ્યેય એ બધું આપણે સમજીએ છીએ.' એવું બોલીએ છીએ ખરાં, પણ હજુ તો પૂરેપૂરું ગળે-હૃદયમાં તે ઊતરેલું નથી. એટલે તે ધ્યેય ગમે એ એક વાત છે, ને તેમાં પગરણ દૃઢાત્મકપણે મંડાયા કરવાનું થયાં જાય તે વાત જુદી છે, એ ધ્યેય, જે બુધ્ધિથી યોગ્ય લાગ્યા કરે છે. એને નિશ્ચયાત્મક વલણમાં વાળવા માનવી-જીવે વળીવળીને સતત એકધારી ભાવનાપૂર્વક, મનનચિંતનાત્મક હૃદયપૂર્વકનો પ્રયાસ કરવો જ પડશે. તે વિના બુદ્ધિથી સમજાયેલું ધ્યેય વર્તનાત્મક સ્વરૂપ પકડી શકવાનું નથી; ને જ્યારે ધ્યેય નિશ્ચયાત્મકપણે, ક્રિયાત્મકપણે, શક્તિના પ્રવાહરૂપે, જીવનનાં સર્વ વર્તન, વ્યવહાર, વિચાર, વૃત્તિમાં ને સર્વ કાંઈનાં આકલનમાં એક માત્ર ધ્યેયની જ ભાવના, દૃષ્ટિ, વલણનો જીવતો ભાવ જ્યાં ધરાવવાનું કર્યા કરે છે, તે વેળાએ તેના ધ્યેયની ગતિ વધ્યાં કરે છે.

**'જીવનપ્રવેશ', પૃ.૧૫૮**

# ૫. જીવનના હેતુ માટે જાગૃતિ

સંસારની રચના દ્વંદ્વની બનેલી છે. તેમાં જો મન, બુદ્ધિ ને પ્રાણ ગયાં તો તેમાંથી એને પાછાં ખસેડવાં તે મુશ્કેલ હકીકત છે. તેથી આ બધું શેને કાજે છે, એનો હેતુ શા કાજે છે, ને પ્રત્યેક જેમાં - તેમાંથી તેના હેતુને સમજીને આપણે તેના હેતુને સફળ કરાવવાને જાગૃતિપૂર્વક મથ્યાં કરીશું, તો તેવા પ્રસંગો જીવને સુખરૂપ એટલે કે કલ્યાણરૂપ છે. અન્યાય થાય, તો તે બધું શાને કાજે હોઈ શકે, તેનો હેતુ શો એમ વિચારી તે જે આવેલું હોય, તેના સ્થૂળપણામાં પ્રવેશી જવાનું મૂકીને તેના સૂક્ષ્મપણાના હેતુમાં ને તેના ફલિત થઈ જવાના પરિણામમાં જો આરપાર બનવાનું કરી શકીએ, તો તો બેડો પાર થઈ જાય. આપણે વિચારવું ઘટે કે આપણે શેને કાજે જીવીએ છીએ ? નાનાં નાનાં છમકલાં થાય તો તેમાં શું ભરાઈ પડવાનું છે ? એમાં દોષ જો કોઈનો હોય તો

આપણી પ્રકૃતિનો છે, તે નક્કી જાણવું. તો તો સાધનામાં આગળ જ્યારે ભારે ભારે મગરમચ્છ પકડશે તે વેળા તો શો તમાશો થવાનો ? માટે જીવને વળી વળી વાળવો ને મનને એકમાત્ર ચેતનની સ્મરણભાવનામાં જીવતું રહી શકે તેમ કરવાનું હોય.

**'જીવનપ્રવેશ', પૃ.૧૮**

# ૬. આદર્શના અનુભવ પહેલાં

જીવનનો હેતુ eat, drink and marry એવો છીછરો નથી, એની તો આપણામાંના ઘણાને ખબર છે; પણ તે સાથે સાથે આપણા જીવનના હેતુની સમજ આપણામાં ઊંડી ઊતરી જાય એવું પણ કંઈ એકદમ બનતું નથી. એ તો એવું જીવન જીવતાં જીવતાં  જ તેની કક્ષા વધતી જાય છે. એમ કરતાં કરતાં જીવનનો આદર્શ જીવંતરૂપ બનતાં આપોઆપ આપણાં હૃદયમાં અનુભવરૂપે ખડો થતો જાય છે. આપણામાં માન્યતા છે, ''લાગે તો પલ આધમેં'' એવી રીતે ક્ષણવારમાં તે કંઈ ઉદ્‌ભવતો નથી. ઘનઘોર મેઘલી રાતે ગડગડાટ સાથે કોઈ વાર વીજળીનો ચમકારો દેખાય છે ખરો, પરંતુ તે ચમકારાની પછીથી તે પાછાં વાદળાં જ રહે છે. તેવું આપણા જીવન વિષે નથી બનતું. અનુભવના એવા ચમકારા થતાં થતાં આપણી પરંપરાની પાછળ રહેલું જ્ઞાન આપણને સ્પષ્ટપણે સમજાતું જાય છે. ને તે વખતે જ સાચો આનંદ પ્રાપ્ત થાય છે.  પ્રત્યેક સાધકનું એ લક્ષ્યબિન્દુ રહેવું જોઈએ અને ત્યાં જ તેની ચોટ સતત રહે એ સાધકે સદાયે લક્ષમાં રાખવાનું છે. જે જે વૃત્તિઓ વિષે આપણને ઘટવાપણું લાગે તે શૂન્ય સ્વરૂપમાં થઈ જાય એવું આપણે કર્યા કરવું. તેનો સહેજ પણ અવશેષ જીવતો ન રહે તે જોવાનું છે. અળશિયાના ટુકડા કરી નાખો, તોય તે દરેક ટુકડો જીવતો રહે છે. એવું આપણી વૃત્તિઓનું છે તે લક્ષમાં રાખવાનું છે.

**'જીવનપગથી', પૃ.૧૬૮ - ૬૯**

# ૭. આપણું ખરું સ્વરૂપ

ખરા અર્થમાં આપણે આત્માના સ્વરૂપમાં છીએ. એટલે કે આત્મા જ છીએ. મળ, વિક્ષેપ અને આવરણને કારણે પ્રકૃતિરૂપ થઈ ગયા છીએ. એટલે નિર્ભેળ રહી શકતા નથી. ચેતન તો માનવી સાથે માનવી જેવું, પશુયોનિમાં પશુ જેવું છે અને જળચરયોનિમાં જળચર જેવું, તાદાત્મ્ય ગુણોથી, થાય છે. છતાં તે સર્વથી નોખું પણ છે. એવા રહેવાની કળા આપણે શીખવાની છે. પુરુષ એ દશામાં રહેલો છે. માનવી ઘણું કમાયો હોય, તેને બધી જાતની સુખ સગવડ હોય, પણ

પક્ષાઘાત થવાથી ખાટલે પડ્યો હોય તો ગરજને કારણે ખબરઅંતર પૂછે - તેની દવા પણ કરે પણ તેને ગણકારે નહિ. માનવી પાસે આટલું બધું હોવા છતાં પુરુષ સુષુપ્ત દશામાં છે. એવી સ્થિતિ હોવાને લીધે ચેતનની ગતિ પ્રગટતી નથી. સૂર્ય સદાય પ્રકાશમાન છે પણ પૃથ્વી પોતાની ગતિને કારણે રાત્રિ અને દિવસ અનુભવે છે એ જેટલી સાચી હકીકત છે એટલી જ સાચી હકીકત આપણી પોતાની પ્રકૃતિ દ્વંદ્વ અને ગુણના કારણે ચેતનને સમજી શકતી નથી તે છે. એથી આપણે ભગવાનના ગુણધર્મને પ્રકાશને અનુભવી શકતા નથી.

**'મૌનમંદિરનો મર્મ', પૃ.૬૮ - ૬૯**

## ૮. આજથી જ !

આજથી આપણે આપણી સંકલ્પશક્તિને અંતર્મુખી બનાવી એને અંદર ગતિ કરતી કરીએ. લાગણીઓ ને વાસનાની પેલે પાર ઈન્દ્રિયગમ્ય વિષયો ને તેનાં આકર્ષણોની પેલે પાર આપણે આપણી સંકલ્પશક્તિના પ્રેરણાત્મક બળથી આપણી જાતને લઈ જઈએ. મનપ્રદેશ અને મનના સહગામી સંસ્કારાદિની ભૂમિકાથી ઊંચે એવા તત્ત્વને પામીએ કે જે શાશ્વત છે, શાન્ત છે, નિર્મળ છે, નિઃસ્તબ્ધ છે, અવિકારી છે, સમ છે. બધા પ્રસંગો, બધી વ્યક્તિઓ અને વસ્તુઓ પ્રત્યે જે નિષ્પક્ષપાતી છે, જે કશા કાર્યથી હાલી ઊઠતું નથી અને પ્રકૃતિના સર્વકોઈ આકારથી જે પોતાનામાં વિકારી થતું નથી. જો એક શાશ્વત આધ્યાત્મિક અનુભૂતિને પરિણામે એવા તત્ત્વને આપણે પામીએ તો આપણને એક એવો સધ્ધર પાયો મળી રહેશે કે જેના ઉપર ઊભા રહેવાથી આપણા મનસર્જિત વ્યક્તિત્વની પરિસીમા કે બંધનમાંથી કે વાડામાંથી આપણે છૂટીશું, મનઃપ્રસાદ ને જ્ઞાન તથા શાંતિમાંથી ચ્યુત થવાનો આપણે સંભવ નહિ રહે. અને અહમ્‌માંથી મુક્તિ પામીશું.

જીવનનો નિચોડ અનુભવમાં છે, પણ 'અનુભવ'તો ત્યારે જ આવે કે જ્યારે એની પાછળ આપણે આપણા હેતુને પ્રત્યેક કાર્યમાં જીવતો-જાગતો રાખીએ. બહારના, બીજાંના કૂટપ્રશ્નોમાં જેટલો રસ લઈએ છીએ, અને ઉકેલવાને જેટલા ખંતવાળા રહીએ છીએ, એનાથી હજારગણાં ધ્યાન, લક્ષ, વૃત્તિ, રસ, તટસ્થતા, એકાગ્રતા વગેરે આપણે આપણા પોતાના જીવનપ્રશ્નમાં આપણા હેતુને પ્રેરક, ચાલક બળ તરીકે સ્થાપીને તે ઉપર મીટ માંડીને લાવવાં પડશે.

**'જીવનપગથી', પૃ.૭૪ - ૭૫**

---------------

# ૨. આત્માનુભવ - જીવનયજ્ઞ અને કર્મ

## ૧. શ્રી સદ્‌ગુરુકળા

**અનુષ્ટુપ**

શ્રી સદ્‌ગુરુની શી સૂક્ષ્મ ને કળાત્મક દૃષ્ટિ છે !
એકની એક દૃષ્ટિનાં જુદાં શાં પરિણામ છે !
કોઈકને શી તે દૃષ્ટિ આંસુ પડાવતી જ છે !
કોઈકને શી તે દૃષ્ટિ ઉન્માદથી નચાવશે !

અપરંપાર સંતોષ અંતરે કેટલાકનો
- શ્રીસદ્‌ગુરુની દૃષ્ટિથી પ્રાપ્ત થતો જ હોય છે.
જેવી જેવી ભૂમિકા છે તેવું ત્યાં પરિણામ છે,
ભક્તને તેવી દૃષ્ટિનો નિજાનંદ અપાર છે.

**'ભાવ-જ્યોતિ', પૃ.૧૪૨**

----------

## ૨. આત્માનુભવના પ્રકાર

આત્માના જ્ઞાનના અનુભવના પણ પ્રકાર ને કક્ષા જુદાં જુદાં હોય છે. તેમાં પણ ભેદ, કક્ષા ને સત્યના અનુભવની ખંડીતપણે પ્રકાશની પરિમિતિતા હોવાની શક્યતા હોય છે. કેમ કે આપણને જ્ઞાનનો અનુભવ તો થયો હોય તોપણ તે જ્ઞાનનો સ્પર્શ હજી ન થયો હોય, એમ પણ બનતું હોય છે. પ્રકૃતિ પોતે તો અજ્ઞાનને વળગેલી હોય છે પણ પાછું તે સામાન્ય જીવ કક્ષાના પ્રમાણના અજ્ઞાનના વર્તાવવાળી તો ત્યારે નથી જ હોઈ શકતી. જ્યારે આંતરબાહ્ય મનાદિ બધાં કરણોમાં જ્ઞાનનો અનુભવ સ્થિત થઈ ચેતનસ્વરૂપે એના પૂર્ણપણામાં આપણને પ્રગટે છે, ત્યારે જ પોતાની પ્રકૃતિથી અજ્ઞાનમય કાર્ય થતું અટકી જતું હોય છે. એટલે, અમુક જ્ઞાનની કક્ષાનો અનુભવ થતાં, કેટલાંક જીવ પોતપોતાને કૃતકૃત્ય થઈ ગયેલા, અને સંપૂર્ણતાની મર્યાદામાં પ્રગટેલા સમજે છે, તેવું જે માને તે પ્રભુકૃપાથી તેમ હોવા દો. આપણે તો કદી આ માર્ગમાં સંપૂર્ણતાનો દાવો તો ભૂલેચૂકે પણ કરવાનો હોય નહિ. દાવો કરવાનું લાગે તે જ અજ્ઞાનની ભૂમિકા ગણાય.

**'જીવનપોકાર', પૃ.૧૬૭ - ૧૬૮**

# ૩. જીવભાવે દયા એટલે અહંકાર

જ્યાં સુધી આપણે જીવકક્ષામાં છીએ એટલે કે દ્વંદ્વની સ્થિતિમાં છીએ, ત્યાં સુધી આપણે કદી પણ દયા, કરૂણા, ક્ષમા, દાન ઈત્યાદિ ગુણોની વાત મોઢેથી બોલવી જ નહિ. એ આપણને શોભતી નથી. જીવનમાં સાત્ત્વિક ગુણ પ્રત્યક્ષપણે જીવતોજાગતો વર્તનમાં પ્રગટેલો રહ્યા કરે છે તે કાળે જ ને તેવી જીવની સાત્ત્વિક કક્ષામાં જ દયા, કરુણા, ક્ષમા વગેરે ગુણો જીવનમાં પ્રગટપણે તેમની શક્તિના સ્વરૂપમાં સહજમેળે વિકસ્યાં ને પ્રગટ્યા કરે છે. જીવકક્ષામાં હોઈએ તે વેળાએ આપણાથી એમ બોલાય કે, 'અમુક જીવ પરત્વે દયાથી પ્રેરાઈને તેની સાથે પ્રેમભાવ રાખીશ' તો તે આપણી નરી એક પ્રકારની કક્ષામાં દયાથી પ્રેરાઈને અમુક પ્રમાણેનું વર્તવાનું બને એમ ધારવું, એટલે આપણે જાણે કે કંઈક ઊંચા અને જેના પરત્વે તેમ પ્રેરાઈને વર્તવાનું છે તે કંઈક નીચું છે, એવી મતલબની તેવા ઉચ્ચારવાપણામાંથી કંઈક સમજણ પ્રગટતી હોય છે. માટે આપણે જે કંઈ બોલીએ, વિચારીએ, લખીએ તે તે વેળા તેની યથાર્થતાનું જ્ઞાન પ્રગટાવીને લખીએ તો શોભીએ.

**'જીવનપોકાર', પૃ.૬ - ૭**

-----------

# ૪. પ્રભુની અજોડ ઓથ

જેવી રીતે પાણીના પ્રવાહમાં લાકડું તણાય એમ આપણે સમાજમાં ચાલતા ઘરેડ-પ્રવાહમાં ઘસડાઈએ છીએ. એમાંથી મુક્ત થવા માટે આ સેવાનું ક્ષેત્ર મળેલું છે. ભગવાનની કૃપાથી અને આગલા જન્મના સંસ્કારના પ્રતાપે સંકટની અનેક વેળાએ આશ્વાસન પામવા માટે ભગવાનના નામરૂપી મિત્ર સદા હાજર રહ્યો છે. કોઈક મિત્ર હોય એ પણ એટલું આશ્વાસન આપી શકતો નથી કે જેથી આપણે સાબદા થઈ શકીએ. ભગવાનની ઓથ એટલી જબરજસ્ત છે કે, આ જગતમાં એની તોલે. બીજું કોઈ આવી શકે તેમ નથી. જેનામાં એવી ઓથ પ્રગટે તેનામાં સાહસ, ધૈર્ય, હિંમત પ્રગટે છે. એ જાણીએ તો દંગ થઈ જવાય. સને ૧૯૨૪માં ''નવજીવન''માં ''લોઢાના ચણા'' વિશેનો ગાંધીજીનો લેખ વાંચી મારામાં ખૂબ શૌર્ય પ્રગટેલું. આજે પણ એ યાદ આવે છે. એ તો અંગ્રેજ સલ્તનતને પડકારનાર સિંહ હતો. એ હતો તો આપણા જેવા જ, પણ આવું સિંહપણું ભગવાનના સ્મરણથી જ મેળવેલું. અનેક ભક્તજનના જીવનમાં આવી હકીકત બનેલી છે.

**'મૌનમંદિરનો મર્મ', પૃ.૧૦ - ૧૧**

---------

## ૫. શરણાગત

જ્યારે ચિત્તમાંથી નકારાત્મક સંસ્કારો દૂર થાય છે અને એકમાત્ર ભગવાનની લગની લાગે છે ત્યારે આપણે શરણને યોગ્ય ઠર્યા કહેવાઈએ. કોઈ વસ્તુ પૃથ્વીના વાતાવરણની પકડની પેલી પાર ચાલી જાય તેને ગુરુત્વાકર્ષણના નિયમ લાગુ પડતા નથી. અવકાશમાં ફેંકાયા પછી તેને ગુરુત્વાકર્ષણ લાગુ પડતું નથી. એવી રીતે આપણો જીવ ચેતનાત્મક સ્થિતિમાં પ્રગટે છે ત્યારે એની મેળે નવરચના ચાલ્યા કરે છે. જેવી રીતે ''ફોર્થ ડાયમેન્શન''ના કાયદામાં જે છે તેને ''થર્ડ ડાયમેન્શન''ના કાયદા લાગુ નહિ પડે. એવી રીતે ચેતનમાં નિષ્ઠા પામેલો જીવ ''ફોર્થ ડાયમેન્શન''ના કાયદા હેઠળ હોય છે, એને ''થર્ડ ડાયમેન્શન''ના કાયદા લાગુ પડે નહિ. સંસારવ્યવહારમાં પણ આપણે એકબીજાનાં મિત્ર હોઈએ છીએ અને મિત્રનું કામ પહેલું કરીએ છીએ. બીજાનાં કામો કરવા દોડી જતાં નથી. એ પ્રમાણે જેને એનામાં લગની લાગી ગઈ છે; જે એને શરણે ગયો છે તેવા એના ભક્તનું યોગક્ષેમ એ વહન કરે છે.

જ્યારે કોઈ જીવાત્મા ચેતનામાં નિષ્ઠા પામી જાય છે ત્યારે એના સંકલ્પ ફળે છે, છતાં એમાં ફરક છે. પોતાને માટેના સંકલ્પો ફળે છે, પણ બીજાને માટે ફળતા નથી.

**'મૌનમંદિરનું હરિદ્વાર', પૃ.૧૦ - ૧૧**

-----------

## ૬. ખરો યજ્ઞ

આજકાલ બહુ યજ્ઞો થાય છે. મહાત્માઓ સાચી સલાહ આપતા નથી. ઋષિમુનિઓએ યજ્ઞો કરેલાં પણ તે કાળમાં ધનધાન્યની વિપુલતા હતી. મંત્રો શોધાયા હતા. તેનું આહ્‌વાન થતું. તેનું આહ્‌વાન કરી શકે એવા ઋષિમુનિઓ હતા. સંસારના મનુષ્યો તો આંધળિયાં કરનારા છે, દીધે રાખે છે. મુંબઈ નિવાસી મારા એક મિત્રે કહેલું કે, એક મોટા યજ્ઞ કરાવું-પૈસા ઘણા મળશે. મેં ના પાડી. જેમ બીજા ધંધા છે એમ આ યજ્ઞનો પણ ધંધો છે. એવા યજ્ઞો કરશો નહિ. એકબીજા માટે પ્રેમથી સહન કરશે એ જ સાચો યજ્ઞ બની રહેશે. કુરુક્ષેત્રનું મંદિર થાય તો તે ઉત્તમ વાત છે. પણ સમાજમાં ખોટી રીતની ભાવના ફેલાય - સમાજ ભ્રમણામાં રહે તે ઠીક નથી. પૈસાની જરૂર છે. તો મહેનત કરો. પૈસા મળશે. ભગવાનનો વળી પુનરુદ્ધાર કેવો ? લોકોને ઊંધે રસ્તે દોરે છે. મહાત્માઓ આશીર્વાદ આપે અને કૃપા મળી જાય ! લોકો જ્યારે આશીર્વાદ અને કૃપાની વાત કરે

છે ત્યારે મારું લોહી સૂકાઈ જાય છે. આવું કહેનારા તમને અવળે માર્ગે દોરે છે. મારી પાસે દંડો હોય તો એવું કહેનારાઓને ઠોકું. ગાંધીની દુકાને બે પૈસાની વરિયાળી લેવા જાવ. મફત આપશે ખરો ? જાતે કર્મ સિવાય કશું મળવાનું નથી માટે જાતે ભગવાનનું સ્મરણ કરો અને એ ન થાય તો સદ્ભાવથી વર્તો તો તે પણ બસ છે.

**'મૌનમંદિરનું હરિદ્વાર', પૃ.૫૯ - ૬૦**

------------

## ૭. જીવનનું મહત્ત્વનું કર્મ

### અનુષ્ટુપ

કર્મ મહત્ત્વનું માત્ર જિંદગીમાંનું એક તે,
સંબંધ કરી લેવાનો જીવતો હરિ સાથ ને !
જે તે સંબોધી, સંબોધી હરિને દિલ ભાવથી
- કર્યા જ કરવાનું છે હરિમાં લક્ષ ધારીને.

**'ભાવ-પુષ્પ', પૃ.૧૨૮**

-----------

### હરિઃૐ ગુંજ માટે મળેલ આર્થિક સહયોગની વિગત

| | | |
|---|---|---|
| રૂા.૧૦,૦૦૦/- | નિર્મળાબેન કે. મહેતા | જામનગર |
| રૂા. ૫૦૦/- | મૃદુલાબેન એમ. મુખી | અમદાવાદ |
| રૂા.૫૦૦/- | જગુભાઈ શાહ | અમદાવાદ |
| રૂા.૧,૨૫૦/- | શિલ્પાબેન જે. અમીન | પાંડવા |
| રૂા.૧,૨૫૦/- | સર્જિલ જે. અમીન | પાંડવા |
| રૂા.૧,૦૦૦/- | પંકજભાઈ જાની | મુંબઈ |
| રૂા.૫,૦૦૦/- | વિનોદભાઈ મોદી | અમદાવાદ |
| **રૂા.૧૯,૫૦૦/-** | **કુલ** | |

# 3. પદરજનો પ્રતાપ

દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.

**શ્રીમોટા**

**સંશોધન-૨૦**

## (ગઝલ)

હવે ના હારવું, જીતવું કશું એવું રહેલું છે,
બધું જે તે હરિ હાથે જીવનમાં સૌ થવાનું છે.
હવે તો જીવ આ કેવો હરિનું માત્ર માધ્યમ છે !
હરિ જેમ હાંકતો તેવું જિવાયાં તો જતું શું તે !
જીવનને કઈ દિશા પ્રત્યે વહેવાનું હવે કંઈ છે.
ન તેની કંઈ જ સમજણ છે, થતું સૌ પ્રેરણાથી છે.
હરિ શો એકલો માત્ર જીવનસંગાથી પળપળ છે !
હરિ વિના બીજું કંઈ મનાદિમાં કશું ના છે.

**શ્રીમોટા**

**ઘડતર:૨૬૬**

--------

# ૧. શ્રેયાર્થીનું ઊર્ધ્વ અરોહણ

ખરેખર ઉત્કટમાં ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના, ગરજના વિષયમાં પ્રાણ પ્રગટી શક્તો હોતો નથી, તેથી જો તે પરત્વે ખરેખરી ગરજ લાગી જતી હોય છે તો જ કોઈપણ વિષયમાં આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ પરોવાય છે. ગરજ લાગ્યા વિના ગરજના વિષય પરત્વે આપમેળે દિલ પરોવાઈ શક્તું નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવને શ્રીભગવાનને અનુભવવાની ગરજ લાગી હતી. ગરજ જાગે છે અને લાગે છે, ત્યારે જ તે પરત્વે એકધારું જીવતુંજાગતું મંડેલું રહી શકાય છે. એમ જે સતત એકધારું મંડ્યાં રહેવાય છે, ત્યારે તેમાંથી જે રસ નિષ્પતિ ઝરે છે, તેથી તો શ્રેયાર્થીને તે પછી એમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું દિલ આપોઆપ પ્રગટી જતું હોય છે. દિલમાં દિલથી દિલ જ્યારે એકરસ થઈ મસ્તીથી ભળે, મળે અને ગળે છે, ત્યારે જીવનમાં જે એક નશીલી મસ્તી પ્રગટે છે, તેની લગની, લહેજત અને મજા કોઈ અનેરાં હોય છે.

શ્રેયાર્થીના જીવનના ઊર્ધ્વ આરોહણના વિકાસમાર્ગમાં પણ કેટકેટલા ભયંકર અવરોધો પ્રગટતા હોય છે, અને તે વેળા કેવાં ખમીર, ખુમારી, ટટારી અને એવા કારમા સંગ્રામનો સામનો કરવાને જે ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધૈર્ય, ટેકીલાપણું, આત્મવિશ્વાસ એવા એવા કેટલાય ગુણો એના જીવનમાં ચેતનાત્મક ભાવે કેળવાય એની જરૂર પડે છે, તેવા ગુણોની સમગ્રતાની જીવંત શક્તિ વડે શ્રેયાર્થી પેલા અવરોધોનો સામનો કરવા સમર્થ બને છે. તે પડે છે, હારે છે, અને કોઈ વાર તૂટી પણ પડતો હોય છે, તેમ છતાં એવી વેળાએ પણ તે હારતાં હારતાં, તૂટી પડતાં અને મરતાં મરતાં પણ શ્રીભગવાનને હૃદયમાંથી હૃદયના આર્ત અને આર્દ્ર ભાવે સતત એકધારો પ્રાર્થનાનો પોકાર પાડ્યાં જ કરતો હોય છે. અને જેમાં ને તેમાં શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી (જીવંત) સામે ને સામે એકીટશે નજર સમક્ષ ધરાવ્યાં જ કરતો હોય છે.

તે વેળાએ એવા શ્રેયાર્થીએ જનર સમક્ષ રાખવાનો શ્રીભગવાન કેવા સ્વરૂપનો હોય, એમ વાચકને થશે. એવા ભગવાનરૂપે તે વેળાએ તો હું મારા સદ્ગુરુનં સામે ને સામે જ રાખ્યાં કરતો હતો, અને જે તે બધું એને આત્મનિવેદન કર્યા જ કરતો. જે તે બધું જે જે થયાં કરતું-પાંચ કર્મેન્દ્રિયથી, પાંચ જ્ઞાનેન્દ્રિયથી અને પાંચ મનાદિકરણોથી તે બધું જ એને આત્મનિવેદન ભાવે સમર્પ્યાં જ કરતો, એવા આત્મનિવેદનનો તે પછીથી એવો જીવંત ચેતનાત્મક અભ્યાસ પડી ગયેલો કે કંઈ જ કશું એનાથી છાનું રહી શકતું જ નહિ. એને જે તે બધું કહેવાયે જાય અને તે તે પણ તે તે પળે જ, ત્યારે હૈયામાં હૈયાથી જંપ નિરાંત વળતાં. આવા જીવંન સતતવાહી અભ્યાસથી પરસ્પરનું હૃદયમાં

હૃદયથી હૃદયનું જે આત્મસગપણ જીવતું થાય છે, એનો સ્પષ્ટ, ચોક્કસ ખ્યાલ બીનઅનુભવીને આવી શકવો દુર્લભ છે.

સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણયજ્ઞ, સન્મુખતા-એવાં એવાં કેટલાંય સાધનોનો અભ્યાસ સતત કર્મ કરતાં કરતાં જ થયે જતો હતો, તે પણ શ્રીભગવાનની પરમ કૃપા જ હતી અને એવા સતત ચાલુ રહ્યા કરેલા અભ્યાસ યજ્ઞમાંથી જીવનવિકાસના માર્ગમાં બીજાં કેટલાંય ગૂઢ સાધનો મળ્યાં કર્યાં હતાં.

જીવદશાનાં વમળોમાં કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવી જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી, તેનો ઈતિહાસ છે.

(સ્મરણ : ૧૦-૧૩)

## ૨. સ્વીકારાત્મક ભૂમિકા : હુકમ પાલન

સદ્‌ગુરુને હું જે રીતે સમજ્યો છું, જીવનમાં જે રીતે મેં ઓતપ્રોત થઈને, એકાકાર થઈને, જ્ઞાનપૂર્વક ભક્તિથી શ્રીસદ્‌ગુરુમાં મળી, હળી, ભળી અને ભક્તિથી ગળી જઈને જે એનામાં, હૃદયમાં હૃદયથી એકતા અનુભવવાનું બન્યું છે, તેવું બને ત્યારે જ તે સમયની ભૂમિકામાં સ્વીકારાત્મક (pliable) મુલાયમતા પ્રગટી શકે છે. એવી સ્વીકારાત્મક મુલાયમતા જીવનમાં પ્રગટ્યા સિવાય શ્રેયાર્થીનો વિકાસ શક્ય નથી. એવી મુલાયમતા એટલે સંપૂર્ણ અનાસક્તિ. સર્વ પ્રકારના નિરાગ્રહ, બધા પ્રકારની સમજણ અને ટેવોથી મુક્ત, એવી ભૂમિકા થયેલી હોય, તો જ એવી સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટી શકે. અને શ્રીસદ્‌ગુરુ પરત્વેની હૃદયની એવી સમજણ અને દિલની એવી ભાવના એવી મુલાયમતા ઘડાવાને માટે મેં શ્રીસદ્‌ગુરુના હુકમ ઊછળતી, ધગધગતી ભાવની મસ્તીથી જ્ઞાનપૂર્વક પાળ્યા છે. ખરેખરી જાગેલી ગરજ અને જેમાં આપણો નર્યોમાં નર્યો અને ઘણામાં ઘણો સ્વાર્થ હોય છે અને જેનાથી કરીને તે સધાવાનો હોય છે, તેનું બધું કહેવું આપણે તરત સ્વીકારી લઈએ છીએ. આ ઉપરની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી છે. એમાં અતિશયોક્તિ મુદ્દલે નથી. 'હુકમ'ને હું જે રીતે સમજ્યો છું, જે ભાવનાથી અને હેતુની સભાનતાથી ભૂમિકા કેળવવા અને તે ભૂમિકાને અનુભવવા 'હુકમ'નું મેં પ્રેમભક્તિપૂર્વક, જ્ઞાનપૂર્વક, હેતુની સભાનતાથી ભાવની મસ્તીથી જે પાલન કરેલું છે, હુકમના પાલનમાં મારા

હૃદયનો ભાવ ઊછળતો ધોધના જેવો રહેતો તે વિકાસને પંથે જવા માગતા હાલના જમાનાના શ્રેયાર્થીઓને કદાચ નહિ સમજાય, ગળે પણ નહિ ઊતરે, તેમ છતાં મારા જીવનને ઉત્તમમાં ઉત્તમ ઊર્ધ્વકક્ષાનો અનુભવ થવા માટે 'હુકમ'ને જે રીતે સમજ્યો છું અને પામ્યો છું તે બધું મેં વિના સંકોચે લખ્યું છે.

તે રીતે મને કેટલાક Old Traditionનો-જૂની પ્રણાલિકાનો હુ ઉપાસક છું એમ સમજે છે. પરંતુ જીવન ઉપાસનાની બાબતમાં (old) જૂનું કે (New) નવું એવું કશું નથી. જે તે બધું ભાવનાની યથાયોગ્યતા ઉપર અને જીવનધ્યેયના હેતુની જીવંત ઉત્કટ સભાનતા પર રહેલું છે. અને એ સભાનતા એ જ જીવન છે. અને એવી સભનતા શ્રીહરિકૃપાથી રખાઈ છે. જે તે બધામાં વિકાસની યથાયોગ્ય ઉત્કટ સભાનતા ઉપર જ આધાર રહેલો છે અને એવી સભાનતા વિશે સાધકોને લખાયેલા મારા પત્રોમાં અનેક વાર લખાયું છે. તેવા લખાયેલા અનેક પત્રો પુસ્તક આકારે પ્રસિદ્ધ થયેલા છે. એ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એ બધું વિદ્યમાન છે.

શ્રીસદ્‌ગુરુ અને હુકમ એ પરસ્પર અવલંબિત જરૂર છે, પરંતુ સદ્‌ગુરુની ચેતનાત્મક ભાવની સભાનતાપૂર્વકની ધારણા જે તે બધામાં અત્યંત જરૂરની છે. પ્રભુપ્રીત્યર્થની ભાવના પણ એટલી જ જરૂરની છે. પરંતુ શ્રીહરિ તો નિરાકાર છે, તેનું કંઈક, જરા જેટલું પ્રતિબિંબ પાડતું સ્વરૂપ તે આ અખિલ બ્રહ્માંડ છે તે પણ તેનો એક નહિ જેવો અંશ માત્ર. પરંતુ ચેતનનું જેમ સૂરજનું એક કિરણ તે તેના લાખમાં ભાગ જેટલું ન હોઈ શકે, તેમ છતાં તે સૂરજનો ભાગ તો છે જે. સમુદ્રના કરોડો તરંગો, તેમ છતાં તેમાંનો એક તરંગ એ પણ સમુદ્રનો એક ભાગ જ છે, તેવી જ રીતે જીવનના અનુભવ પ્રદેશની ઉત્તરોત્તર એવી અનુભવ પ્રદેશની ઉચ્ચમાં ઉચ્ચ એવી આગોચર, અગમ્ય, અવર્ણનીય એવી ચેતનની દિવ્ય ભૂમિકાઓની અનુભવની સમજણ લઈને પ્રકાશિત થયેલો એવો શરીરધારી આત્મા-તે શ્રીસદ્‌ગુરુ અને તેવો શ્રીસદ્‌ગુરુ તે ચેતનાનો અંશ છે. અને એવા શ્રીસદ્‌ગુરુ હરિના સ્વરૂપને શરૂ શરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા છે.

કોઈક સાધુ હિમાલયની ગુફામાંથી આવી પોતાના જીવનની બધી હકીકત કહે તો તે માત્ર આપણે સાંભળી લેવાનું બને. પરંતુ તેની યથાયોગ્ય સાબિતીની હકીકત પણ આપણને મળી શકે નહિ. પરંતુ મારા જીવનનું તેવું નથી. સ્મરણ કર્યા કરતો હતો, પ્રાર્થના કરતો હતો, જ્યાં ત્યાં જતાં આવતા, હરતાંફરતાં, ખાતાપીતાં અને સકળ કર્મ કરતા આ જીવ ભજન ગાયાં કરતો હતો. અને તે જોનાર આજે પણ જીવતાં છે. કર્મ કરતાં કરતાં કેટલીય વાર ભાવાસ્થા થઈ જતી તથા છેક

સને ૧૯૨૪-૧૯૨૫ની સાલમાં શ્રી ભાઈ સાહેબે (સ્વ.રમણલાલ વસંતલાલ દેસાઈએ) મને કેટલીય વાર ભજન ગાતાં ગાતાં ચરમ ભૂમિકાએ પહોંચેલો તદ્દન શૂન્ય અને સ્તબ્ધ થયેલી દશામાં બેઠેલો જોયેલો છે, અને તે હકીકત ‘પ્રણામ પ્રલાપ’ની ચોપડીની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખેલી પણ છે. આશ્રમમાં બાળકોને ભણાવતો હોઉં ત્યારે પણ તેવું થઈ ગયેલું કેટલાંકે તો જરૂર જોયેલું છે. ભયંકરમાં ભયંકર જગાએ-જઈને રાત્રે સૂઈ રહેવું એ તો જાણે મારો નિત્યનો ક્રમ. એટલે આ જે બધું મેં ગાયું છે, તે હકીકત મારા જીવનની સાચી ઘટના છે અને તેના સાક્ષી પણ છે.

**રસાયણ : ૨૧-૨૪**

## ૩. જીવન વિકાસની ભૂમિકા - સાધનામાર્ગ

જીવનવિકાસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં કોઈપણ પ્રકારની ચેતનાત્મક જીવંત ભાવાત્મક સાધનના અખંડપણામાંથી જે ભાવનો ઝરો ફૂટી નીકળે છે, અને તેવો ભાવ જ્યારે જીવતોજાગતો અખંડપણે સતત પ્રગટ્યા જ કરતો હોય છે, તેવી વેળા પોતાના આધારની આગળપાછળ એક એવા સૂક્ષ્મ પ્રકારનું AURA - આભામંડળ ફૂટી નીકળે છે, કે જે એક એવા પ્રકારનું કવચ બની જાય છે, કે જે કવચને બહારના વાતાવરણમાંથી આવતાં અનેક પ્રકારનાં વમણો, વૃત્તિઓ, વિચારો તથા એવા સૂક્ષ્મ તત્ત્વો કે જે જીવનવિકાસને બાધક નીવડે કે વિઘ્નમાં મૂકે, એવાં તત્ત્વો પણ તે કવચને ભેદી શકતાં નથી, અને તેની સાથે સાથે અંદરનો જે ચેતનાત્મક ભાવ જાગેલો, જીવંતપણે પ્રગટેલો રહ્યા કરે છે, અને જે તેવા ભાવને પેલું કવચ બહાર પણ નીકળી જવા દેતું નથી, તેથી તેવો ભાવ સદાય વધારે ને વધારે તેજસ્વી અને જવલંત તથા વધારે ને વધારે ગાઢ થયાં કરતો હોય છે. ઉપરની હકીકત સાધનાના વિકાસ ક્ષેત્રના વિજ્ઞાનમાં એક મોટી રહસ્યવાળી હકીકત છે, જે અનુભવવાળી હકીકતનું ભાન ભાગ્યે જ કોઈકને શ્રીપ્રભુકૃપાથી થતું હશે તો થતું હશે.

**જિજ્ઞાસા : ૪૦**

**‘અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના છે,**
**અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !’**

સાધના એટલે શું તેની સમજણ ઉપરની કડીમાં એની સમગ્રતામાં સમાઈ જાય છે. જેમ અણુને ફોડ્યા વિના અણુની શક્તિ અનુભવાતી નથી અને એ શક્તિ જ્યારે અણુને ફોડ્યા પછી મળે છે ત્યારે તે શક્તિની મદદ વડે જ અશક્ય લાગે તેવાં મોટામાં મોટાં કર્મ થઈ શકે છે. નવા

પ્રકારનાં મૌલિક સર્જનો પણ તેના આધરે જ થાય છે. અને આવા પ્રકારની સાધના આ જીવથી શ્રીપ્રભુકૃપાથી થઈ છે.

એવી થતી જતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને જિવાડતો હોય છે. જીવવાના મૂળમાં આવો કોઈ ને કોઈ પ્રકારનો રસ તો રહેલો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી ભૂમિકાઓ છે, એના દિવ્ય દેશો પણ છે, આ બધા અનુભવની સમજણ સાધનામાંથી પ્રગટતા ભાવ અને રસને કારણે મને જાગી છે.

**'અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,**
**પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !'**

અને આવા પ્રકારનું મારા જીવનમાં બનેલું છે, અને એ શક્તિને પ્રાપ્ત કરીને તેનો અનુભવ થવા માટે સંકટો, વિઘ્નો, ગૂંચો, મુશ્કેલીઓ, વિસામણો, અથડામણો એવા અનેક પ્રકારના અવરોધની ભૂમિકા જ્યારે જીવનમાં પ્રગટી હતી ત્યારે ત્યારે શ્રીપ્રભુકૃપાની તેનો સામનો કરવા માટે દિલમાં કેટલો જીવંત તલસાટ, તત્પરતા, તાલાવેલી, તમન્ના વગેરે હતાં તેનો પણ ક્યાંક ક્યાંક ઉલ્લેખ છે ખરો. શ્રીભગવાનની કૃપાથી સાધનામાર્ગમાં કેવી રીતે મથાવાનું બન્યું છે તેનો પણ કોઈક કોઈક ઠેકાણે ઉલ્લેખ છે ખરો. સાધનામાંથી કેવાં કેવાં પરિણામ નીપજે છે તે પણ લખ્યું છે. કશું મેં અદબદ રહેવા દીધું નથી. બધું સ્પષ્ટ, ફોડ પાડીને લખ્યું છે.

**તપ : ૨૭-૨૮**

# ૪. સેવાપરાયણતા અને પ્રભુકૃપા

સને ૧૯૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઈ દવાખાનામાં indoor (અંદરના) દર્દી તરીકે દાખલ થવાનું પણ બન્યું. ત્યાં તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર અને યોગ્ય દવા થતાં તે મટી ગયો. પણ તે પછી (અત્યારે લખતાં તારીખ વગેરે યાદ નથી આવતું) ગાંધીજીએ શ્રી ઠક્કરબાપાના શરીરને સિત્તેર વર્ષ પૂરાં થતાં તેને માટેના ફાળાને કાજે 'હરિજન બંધુ'માં અગ્રલેખ લખેલો વાંચ્યો. તે સિત્તેર હજારનો ફાળો તો તદ્દન નજીવો, મામૂલી ગણાય અને તેવો ફાળો તો એકદમ ભરાઈ જવો જોઈએ એમ પણ ગાંધીજીએ લખ્યું હતું. મારે પણ તે ફાળામાં કંઈક ભરવું જોઈએ એવો આગ્રહ ત્યાંની એક

બહેને ખાસ ખાસ કર્યા કર્યો.

મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ, અને બીજા કનેથી લઈને તેમાં હું પૈસા ભરું એવું તો ગમે નહી. તે બહેન મને કહે કે, 'જો તમે દિલમાં દિલથી ફાળામાં ભરવાનું ખરેખરું ઈચ્છો, તો તમને રકમ આભમાંથી પણ પડીને મળી આવે. શ્રી ઠક્કરબાપા જે પ્રકારની સેવા કરી રહેલા છે અને આદિવાસીઓની, ભીલોની અને હરિજનોની તેમણે જે સેવા કરી છે એ સેવામાં તેમની કેવી ધગશ છે ! વળી તેમાં કશું યદ્વાતદ્વાપણું નથી એટલું જ નહિ પણ તેમાં તેમણે એક યોગ્ય પ્રકારની વ્યવસ્થા ઉપજાવી છે, એક પ્રકારની તેમાં method (યોજનાપૂર્વકનું સંચાલન) છે.' તેની સાથે સાથે અમુક પ્રકારની ચોકસાઈ, કાળજી, ખંત, હિસાબની યોગ્ય પ્રકારની ચોખવટ વગેરે જે બધી કળાઓ તેમના જીવનમાં પ્રગટેલી છે, તે બધાંના પ્રમાણમાં તેમની સેવાનું મૂલ્યાંકન અને તેની યોગ્ય કદરભક્તિ ગુજરાતને પ્રગટેલી નથી, એવું મને ત્યારે પણ લાગ્યા કરતું.

એટલે બહેનની આગ્રહભરી ટકોરથી અને તેમના જીવનની આવી સેવાપરાયણતાના ભાવથી પ્રેરાઈને મારાથી તેમના માટે થવાના આ ફાળામાં જો કંઈક રકમ આપી શકાય તો મને બહુ આનંદ પ્રગટે એવી અભિલાષા મારા મનમાં થનગનાટ કરવા લાગી. સાથે સાથે એમ પણ જાણતો હતો કે આ જીવ પાસે એક પાઈ પણ પોતાની ગણી શકાય એવી નથી, તેમ છતાં તે ફાળામાં આપવાની અભિલાષા રાખવી તે આકાશકુસુમવત્ છે. આમ હોવા છતાં પ્રભુકૃપા હોય તો તેની શક્યતા જરૂર પ્રગટી શકે એવું ભાન પણ ત્યારે જરૂર પ્રગટતું.

હવે એમ બન્યું કે બેસતા વર્ષના દિવસે બાપુની સાથે તથા તે બે બહેનોની સાથે અમારે કરાંચીના કેટલાક સદ્‌ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયર શ્રી ચાગલા સાહેબને ત્યાં તેમના બંગલે અમે ગયાં. તેઓ ત્યારે નમાજ પઢી રહ્યા હતા, એવી અમને ખબર મળી. એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યા અને અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. કરાંચીમાં રસ્તા એટલા બધા સાફ સ્વચ્છ હોય છે કે કંઈ પણ કશું પડેલું નજરે પડ્યા વિના રહી ન શકે. શ્રી જમશેદજીની આવા પ્રકારની સેવા બેનમૂન છે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, 'જો પેલું કશુંક પડ્યું છે!' તે ઊંચકીને જોતાં તેમાંથી ૫/- રૂપિયાની નોટ નીકળી. અને તેમાં પણ ઉર્દુ

ભાષાનું લખાણ હતું કે 'તે રકમ મારે મનગમતી રીતે વાપરવા માટે છે.' પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

એકાદ બે વર્ષથી આ જીવને તમે કે બીજા સદ્ગુરુ તરીકે માનતા થયેલા હોવા છતાં તમારી પાસે પણ કદી મેં કશું માગ્યું નથી, તે તો હકીકતની વાત છે. એક વખત મારે કોઈક સંજોગને કારણે પૈસાની ઘણી ઘણી જરૂર પડી હતી, અને કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ, એટલે માગણી કરતો નહિ. પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શક તેવું હતું નહિ. રકમની તો તાત્કાલિક જરૂરિયાત હતી. ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતેથી મદદ પ્રેર્યા કરે છે, તેવા પ્રકારનું જ્ઞાન ભક્તિપૂર્વકનું આશ્વાસન મારે માટે કંઈ નાનું સૂનું ન હતું. તે આશ્વાસનથી મને એક પ્રકારની હૂંફ અને ઓથ મળ્યાં કરતી. પણ તે તો નિરાકાર હતી. પરંતુ મારે તો ભગવાનની કૃપાથી તેવી ઓથ અને હૂંફ સાકારપણે પરીણામ રૂપે પ્રગટેલી હોય, ત્યારે જીવનમાં પ્રગટેલી ભીંસ ટળી શકે એમ હતું. આવી સ્થિતિ માટે કદી મેં ભગવાનને પ્રાર્થના પણ કરી નથી - કોઈપણ પરિસ્થિતિમાં પણ. કોઈપણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવાને માટે, ભાવમાં ટકી રહેવાને માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. એટલે તે કાળની તેવી પરિસ્થિતિની પ્રગટેલી ભીડને હું કદી ગણકારતો જ ન હતો. પરંતુ તેથી કરીને ભીડ જતી રહેતી હતી એવું કશું ન હતું. જોકે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ ન હતી તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું અને તેમાં ભગવાનની પરમકૃપા અનુભવતો.

એક દિવસે સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુ મહારાજના દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતાં. (જેનો ખ્યાલ અત્યારે પ્રગટતો નથી). નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલાં-તૂટેલાં લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે પડ્યું, અને તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ 'તારા પોતાના ઉપયોગ માટે આ છે,' એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, અને પ્રભુકૃપાથી મારી ભીડ ભાંગી.

---

# ૪. હરિને ભજતાં

## ૧. ભગવાનનું સ્મરણ.

મને શરીરે ફેફરુંનો રોગ થયો હતો ત્યારે આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદા કાંઠે રજા લઈને જવાનું બનેલું. એમ વાર મારી સાથે શ્રી મહેશભાઈ મહેતા તથા શ્રી ભાનુપ્રસાદ પંડ્યા હતા. બીજી વાર એકલો હતો, ત્યારે નર્મદા નદીના મોખડી ઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે ત્યાં થોડાક દિવસ રહેવાનું કરેલું. ત્યાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવાચાકરી કરું. આ શરીરને ત્યાં પણ ચાર-પાંચ વાર ફેફરું થયું હતું. નીકળતી વખતે તે સાધુમહારાજને હું પગે લાગ્યો અને તેમના આશીર્વાદ માંગ્યા. તેઓએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાનું કહ્યું ને તેથી રોગ મટી જશે એમ પણ કહ્યું હતું. પરંતુ જ્યારે મારા મને એમ વિચાર્યું કે આ સાધુ મહાત્માએ જંગલની કોઈક જડીબુટ્ટી આપી હોત તો મને વિશ્વાસ બેસત. પરંતુ ભગવાનના માત્ર સ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રધ્ધા પ્રેરક લાગ્યું ન હતું. વળી પેલા સાધુ મહારાજે મને એમ પણ કહેલું કે એક વરસ પછી તને કોઈ સદ્‌ગુરુ મળી આવવાના છે, તે તારા જીવનનો વિકાસ કરશે. પરંતુ તે વખતે જીવનને વિકાસ એ મારા માટે તો માત્ર શબ્દ જ હતા. દેશની સેવા કરવાની ઉત્કટ ધૂન મારા માટે તદ્દન સાચી હતી. સેવાની એ ઉત્કટ ધૂનથી પ્રરાઈને ગરીબાઈની સ્થિતિમાં ટકી રહેવાનું બની શક્યું ન હતું. પાછા વળતાં નર્મદા નદીમાં ઝંપલાવીને શરીરનો અંત આણી દેવાનો પ્રયત્ન કર્યો હતો.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદા મૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે. તે ભેખડની ધારથી જરા પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રી નર્મદા મૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદા મૈયાના જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું અત્યાર પણ તાદ્રશ્ય ભાન છે અને તેનું જીવંત ચિત્ર હજી ખડું છે તે મૃદુ, કોમળ, શીતળ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંય દુર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં અદ્‌ભૂત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂલ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન અલૌકિક પ્રકારનું હતું. તે વેળાએ ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે "By His Grace I am meant for something".

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મુકવી એમાં કેટલાકને ડહાપણ પણ ન લાગે. પરંતુ જે સાચો અનુભવ થયો હોય તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો તે જરૂરનું લાગે છે આપણે માનતા હોઈએ તે જ માત્ર સાચુ અને બીજું સાચું નથી એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે. ઉપર દર્શાવેલા અનુભવ માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું સર્જન) હતું એવું મુદ્દલેય નથી. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે. ઉપરાંત સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ,

મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલા છે. તે અનુભવથી ઓચિંતુ આપોઆપ જીવનનું વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કંટપણામાંથી જીવનમાં ઉદ્ભવવું શક્ય નથી.

આ બનાવ બન્યા પછી હું વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં મારાં આધ્યાત્મિક માના મકાનમાં બીજે માળે શરીરને ફેફરુંનો હુમલો થવાથી શરીર દાદરાથી ગબડતું છેક નીચે પડ્યું ને ઇંટોની પરસાળમાં ઘસાયું ને શરીરે સાધારણ લોહીની ટશરો ફૂટી હતી. જરી ભાનમાં આવતા નર્મદાના તે સાધુ મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું કે, અલ્યા ! ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ? આ બધુ પ્રગટ્યું તો ખરું, પરંતુ તે કાળે મારાં મનાદિ કરણો જરા પણ આ પ્રકારની ભાવના વાળા નહિ હોવાથી તે સાધુ મહાત્માનાં વચનો ને તેના સંસ્કારને બિલકુલ મહત્ત્વ આપી શકેલ નહિ. તે પછી શરીરે ઠીક થતાં આ બધી બનેલી હકીકત મેં મારા આધ્યાત્મિક માને જણાવી. મારી એવી હકીકત સાંભળીને તે બહુ રાજી થયા. તેમણે કહ્યું કે, અલ્યા! ચુનીયા ! તું તો ભારે બડભાગી છે. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ કર્યા કર. ઉઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, ખાતા-પીતાં, સકળ કર્મ કરતાં એક માત્ર ભગવાનના સ્મરણમાં લાગી જા. તને જરૂર મટી જશે.

મને તે કાળે તે સાધુ મહાત્મા કરતાં મારા આ મા માં વધારે વિશ્વાસ હતો. હું તેમનાથી ભગવાનનું નામ લેવામાં પ્રેરાઈ શક્યો. તે પછી મનને ટકોરી-ટકોરીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. વારંવાર તે ભુલાઈ જતું અને વળી પાછું યાદ કરી કરીને લેવા લાગ્યો. ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો અને ત્રણ-ચાર મહિનામાં તે મુદ્દલે મટી ગયું.

આ પ્રકરણે મારે માટે જીવનમાં નવો માર્ગ પ્રભુકૃપાથી ખુલ્લો થયો. જીવન વિકાસની સાધના શરૂ થઈ. એક વરસ પછી સાચેસાચ અમદાવાદમાં સાબરમતીના કિનારે આ જીવને સાધનાના માર્ગમાં વિકસિત કરનાર એક સદ્ગુરુ પણ મળી ગયા.

---

## ૨. ભગવાનની કૃપા.

સારા કે માઠા ગણાતા પ્રસંગમાં શ્રી ભગવાનની કૃપા વરસી રહેલી જ હોય છે. આ કાંઈ માત્ર કલ્પનાની વાત નથી. આ જીવનમાંથી તારવેલી હકીકત છે. ૧૯૨૮ ની સાલમાં પૂ.શ્રી સરદારના હાથે બોદાલમાં (તા.બોરસદ) હરિજન આશ્રમ ખુલ્લો મૂકવાનો હતો. તે પ્રસંગે નડિયાદથી મારી બા સાથે ત્યાં જવાનું બનેલું. સરદાર હોય એટલે લોકોના ટોળે ટોળાં ઉમટે અને

ધાંધલ ને ધમાલ હોય જ ! સવારમાં કેટલાક લોકો આશ્રમના ખેતરમાં એક સાપને મારવા લાગેલા. તેમને તેમ કરતાં રોકી તે સાપને છોડાવેલો. તે દિવસે અને રાત્રે ગિરદી અને શોરબકોર હતો તેથી એકાન્ત, શાંતિ ને જરા નિરાંત મળી શકે એ હેતુથી જરા દૂરના ખેતરમાં હું સૂતો હતો. પૂ.ઠક્કરબાપા મને આરામથી શાંત જગ્યામાં સૂતેલો જોઈને પોતે પણ ત્યાં સૂવા આવ્યા. તેમનું જોઈ શ્રી શ્રીકાંત શેઠ પણ ત્યાં સૂતા. હું વચમાં હતો. રાત્રે, મધરાત્રે, માથામાં એક એવો ભારે ઝાટકો થયો, જાણે મોટા ભારે વજન સાથેનું માથાના મધ્યમાં વેગથી સોંસરું ઝાટકા સાથે કંઈ થયું હોય એવું લાગ્યું. ફટાક કરતાં બેઠું થઈ જવાયું. સાથળમાં જરા લોહી તથા ડંખ જેવું લાગ્યું. બીજાઓ પણ સફાળા જાગી ઉઠ્યા ને લીમડો મીઠું વગેરે આપવા લાગ્યા. લીમડો ને તેનો રસ ઘણો લીધેલો એટલે કદાચ કડવો ન લાગે એમ જણાવ્યું. પછી બેભાન થઈ જવાનું અનુભવવા લાગ્યું. તે વેળા પૂ.ગાંધીજીનું એક વચન ઓચિંતુ યાદ આવી ગયું. ‘જેને સાપ કરડ્યો હોય તેને મારી મારીને પણ જાગતો રાખવો. તેમાં હિંસા નથી પણ શુધ્ધ અહિંસા છે.’ તે યાદ આવતાં મન સાથે નક્કી કરી લીધું કે ગમે તેમ થાય પણ બેભાન નથી થઈ જવું. જોરશોરથી સ્મરણ કરવા લાગ્યો. સતત સ્મરણ ખુબ મોટેથી કરતો હતો. એક બાજુ સાપનું ઝેર બેભાન કરાવવા મથે ને બીજી બાજુ જાગૃતિ રાખીને નામ લીધા કરી તેમ ના થઈ જવાય એની જોરદાર પ્રેરણા અંતરમાં થયા કરે. આમ ગજગ્રાહ મચેલો. મૃત્યુનો અનુભવ થયો ને નામસ્મરણ આપોઆપ પ્રાણપૂર્વક ને વેગથી થયા કર્યુ, થયે જ ગયું.

મને બોદાલ ગામમાં સાપ ઉતારવા લઈ ગયા અને ત્યાંથી આસોદર લઈ ગયા. તે પછી આણંદના મિશન દવાખાનામાં મને રાખ્યો હતો. આ યુધ્ધમાં નામસ્મરણ પ્રભુકૃપાથી એવું લેવાયા કરાયું કે તે પછી એ અખંડ રહ્યા કૂયું, ને હૃદયસ્થ થયું. આ પહેલાં સકળકર્મ કરતાં નામસ્મરણનો મહાવરો પાડવા એની કૃપાથી મથવાનું ચાલુ હતું, પણ તે અખંડ થતું ન હતું. આ ગાળામાં કેટલીય વાર હાર ખાવાપણું બનેલું. આ ધન્ય પ્રસંગ એવો બન્યો કે જેથી કરીને જે અતિ મુશ્કેલીથી સાધ્ય થાય તે સરળ અને સહજ બની શક્યું. તેમાંથી મને શ્રી ભગવાનની પરમકૃપાનો અનુભવ થયો. એની કૃપા જીવનના સારા કે માઠા બંને પ્રસંગોમાં તરવરતી હોય છે. કિન્તુ આપણું મોં એની પરત્વેનું તેવી રીતનું ને હૃદયની તીવ્ર ભાવનાથી વળેલું હોતું નથી; તેથી કરીને જીવનના સારાનરસા બનાવોમાં તેની પરમ મંગલમય કૃપાનો અનુભવ માનવીને થતો નથી.

------

# ૩. મર્દાનગીને પડકાર

જ્યારે નડિયાદ મરીડા ભાગોળે શાળાનું કામકાજ કરતો હતો ત્યારે કેટલાક મુસલમાન છોકરાઓ આવીને અમને બહુ પજવતા. તે છોકરાઓને સમજાવવાનું બહું કરી જોયું. તેમના ઓળખીતા-પારખીતાને મળીને તેમના ઘરનું ઠેકાણું મેળવીને તેમના માબાપોને કાને પણ આ ફરિયાદ પહોંચાડી દેવાનું બન્યું. તે મુસલમાન છોકરાઓ અમને અનેક રીતે હેરાન કરે. અમારી શાળાનું મકાન સરિયામ રસ્તા પર હતું. ખોબે ખોબા ભરીને તેઓ શાળાની અંદર ધૂળ નાંખે, ગોકીરો કરે, જતાં આવતાં વિદ્યાર્થીઓને હેરાન કરે. આસપાસ બધે મુસલમાન લોકોની વસ્તી. તેમને શાંત પાડવાને બુદ્ધિથી વિચારીને બધા ઉપાય કરી જોયા. પણ કંઈ વળ્યું નહિ. અંતે વિચાર્યું કે "હવે જો આ હેરાનગતિને તાબે થઈ જઈશું તો તે આપણી મર્દાનગીને પડકારરૂપ છે. ઉર્દુ નિશાળના કેટલાક મુસલમાન શિક્ષકભાઈઓને વાત કરી ને તેમના કાજીસાહેબને મળીને આ બધી હકીકત જણાવી. તોયે જ્યારે કંઈ ન વળ્યું ત્યારે મેં નક્કી કર્યુ કે આ છોકરાઓને સારી રીતે હવે મેથીપાક ચખાડવો. એક દિવસ તેમને માર મારવાની યોજના પાકી રીતે વિચારી લીધી. તેના પરિણામનો પણ વિચાર કરી લીધો. બીજે દિવસે જ્યારે તેઓએ ઓરડામાં ખોબે ખોબે ધૂળ નાંખવા માંડી ત્યારે બારણા પાછળ નેતરની જાડી મોટી સોટી લઈને અગાઉથી સંતાઈ ઊભો રહ્યો હતો એટલે તેઓ ત્યાંથી એકદમ નાસી ન જાય, એવી રીતે તે ત્રણ-ચાર જણ ઉપર વરુની જેમ તૂટી પડ્યો. તેઓ બૂમાબૂમ કરવા લાગ્યા અને દોડી જઈને ઘણા માણસોને એકઠા કરીને તેડી આવ્યા. એમાંના કેટલાક તો એવા હતા કે જેમના કાને મેં વારંવાર આ છોકરાઓની ફરિયાદ નાંખી હતી. આ મુસલમાન ભાઈઓનું ટોળું ઉશ્કેરાયેલું હતું અને મને મારવાને એકદમ તૈયાર હતું. પરંતુ તેથી હું મુદ્દલે ભયભીત થયો ન હતો. તેઓના મનમાં પ્રકટેલા ઉશ્કેરાટમાં એકદમ ઓચિંતો પલટો આવી શકે એવું તાત્કાલિક કશું કરવાની જરૂર હતી, ને તે ઉપાય ભગવાને કૃપા કરીને મને બતાવી દીધો. તુરત મેં તો શરીર પરના લંગોટ સિવાયનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. તે જોઈને તે બધા ઘડીભર તો સ્તબ્ધ થઈ ગયા. ને મારા શરીરની અચાનક આવી થયેલી હાલત જોઈને તેમના મનમાં જે ઉશ્કેરાટ પ્રકટેલો તેમાં ઓચિંતો પલટો આવી ગયો. તે વેળા મેં તેમને કહ્યું કે 'હવે તમે સારી રીતે મારી શકો છો. જુઓ હું તદ્દન ઉઘાડો થયો છું. તમારામાંના કેટલાકને મેં આ છોકરાંઓની ફરિયાદ કરેલી છે. આ છોકરાઓને ઘેર જઈને તેમનાં માબાપને પણ મેં કહ્યું હતું. આપણા કાજીસાહબને પણ મેં વાત કરી હતી. આપણી આસપાસ રહેલા મુસલમાન શિક્ષકભાઈઓને પણ આ છોકરાઓની અમને થતી હેરાનગતિની હકીકત જણાવી હતી. પણ આમાંનું કોઈ જ આ છોકરાઓને વાળવા આવ્યું નથી; એ તો જુઓ. આ છોકરાઓનો વાંક તો તમારામાંનું કોઈ જોતું જ નથી! શું અમારે રોજ ને રોજ આ છોકરાઓની હેરાનગતિ સહન કર્યા કરવી ? તમે તો બધા સમજુ છો અને મોટા છો તો તમે જ ન્યાય તોળો.'

આ લોકોનો મારા શરીરને ઉઘાડું થયેલું જોઈને, ઉશ્કેરાટ તો કંઈક શમી ગયેલો હતો, એટલે તેમણે મારી કહેલી વાત જરાતરા પણ શાંતિથી સાંભળી ખરી, તેમાંથી કોઈક તો ડાહ્યું નીકળે ને ? તેણે મારી વાતને પૂરેપૂરો ટેકો ને સમર્થન આપ્યાં, એટલે ટોળાનો પ્રવાહ એકદમ બદલાઈ ગયો. ને બધા જ પછી તો કહેવા લાગ્યા કે, 'આ છોકરાઓને માર્યા તે જ સારું થયું. હવે તે તોફાન કરવાનું ભૂલી જશે. અરે, ભગત ! હવે ફરીથી આ છોકરાઓ તોફાન કરવા આવે તો એમની ખાનાખરાબી કરી નાખજો!' આમ બધા વિખરાઈ ગયા.

તે પછી તે મુસલમાન છોકરાઓ અમને રંજાડવાનું સપૂચું મૂકી દીધું. રોજ મારે ઘરેથી મરીડા ભાગોળ મુસલમાન મહોલ્લામાં થઈને આવવા-જવાનું. જે છોકરાઓને માર્યા હતા તેમના ઘર વટાવીને જતાં આવતાં એ છોકરાઓને પ્રેમથી બોલાવતો અને બેચાર પૈસાના ચણા લાવીને આપતો. તે પછી તો તેમની સાથે પણ દોસ્તી બંધાઈ ગઈ.

મર્દાનગીને પડકાર થાય ને એમાં સાવ નાલેશી થાય એવી સ્થિતિ કદી સહન કરી લેવી નહિ. તેનાથી મુક્તિ મેળવવાને આંધળિયું પણ કરવાં નહિ. આપણે પોતાની પાકી તૈયારી કેટલી છે તેનો સારી પેઠે યોગ્ય રીતે વિચાર કરવો ને જે તે વિચારીને કરવું જોઈએ.

---------

## ૪. કેવી રક્ષા ! અદ્‌ભુત ચમત્કાર !

ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી તરીકે હોવા છતાં કોઈપણ જાતનું કામ કરતાં પ્રભુકૃપાથી નાનમ અનુભવી નથી. એક વાર કંઈક પૈસાબૈસા બેંકમાં લેવા કાજે કે મુકવા કાજે શહેરમાં જવાનું હતું. આશ્રમ પાસેની 'સર્વસાક્ષી આમલી' આગળનું બસનું સ્ટેન્ડ હતું. ત્યાંથી જેવો બસમાં બેસવા જાઉં છું તે જ વખતે તેમાં બેઠેલા બે ભાઈઓની માંહામાંહેની વાતચીતમાંથી એકના શબ્દો કાને પડ્યા અને હું બસમાંથી નીચે ઊતરી પડ્યો. અલબત, એમની વાત કોઈ ભૂતકાળના એમના પોતાના પ્રસંગ અંગે હતી, પણ એથી વીજળીની માફક પ્રકાશ ઝબકયો ને અંતરથી એમ જ થયું કે બસમાં બેસવું નહિ. કશા આગળ પાછળના વિચાર બુદ્ધિથી ઉપજેલા ન હતા. તે પછી હું સાયકલ લઈને શહેરમાં જવાને નીકળ્યો તો વિદ્યાપીઠ પાસે પેલી બસને ભારે અકસ્માત થયો હતો. તેમાં બેઠેલાને વાગ્યું હતું ને બસમાં જો હું હોત તો મારી પણ તેવી વલે થઈ હોત.

# ૫. પરાર્થે આત્મભોગ

અહીં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરી ફરી બની શકવું જોઈએ તેવું એનું કશું ધારાધોરણ નથી હોતું - જોકે એવું બધું કાંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના તે બનતું હોતું નથી, એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મ કાર્યકારણ પરંપરા હોવી ઘટે. એની કાર્યકારણ પરંપરા જાણનારા કોઈ વીરલા હોય છે. અદ્‌ભુત ઘટનાઓ જે જીવને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું ને સ્વીકારવાનું બને છે તો તેવા જીવને ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપા તકોને ઓળખવાનું, સમજવાનું, એના યથાર્થ ગૂઢ-ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી. તે જીવની હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. આવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કાંઈ નાનીસૂની વાત નથી. ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણો ને પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે. પછી ભલે તેનું તે જીવથી તેના વાસ્તવિકપણમાં સ્વીકારાતુંન હોય.

૧૯૩૯ની રામનવમીની રાતના સાક્ષાત્કારના પાંચેક મહિના પછી એક સવારે અમદાવાદથી કરાંચી જતાં પ્રેમમય વાતાવરણ ભૂલી શકાયું નહિ! કેટલાં બધાં એકઠાં થયેલાં ! તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી ! એ એની મોટામાં મોટી કૃપા છે. તે બધું જ્ઞાનભક્તિપૂર્ણ એને જ ચરણકમળે ધરાવું છું. આટલી બધી બહેનોના નિર્મળ પ્રેમભાવની તોલે શું આવી શકે ? બાકી આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, 'બાઘા' જેવો જાણી જોઈને દેખનાર કહેવાતી સભ્યતા જરાક ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાયને આઘાત, ને તે નહિ તો તાજુબી, ઘૃણા, અવમાનના ઉપજાવનાર, કેટલાકને અભણ દેખાનાર, કેટલી આશ્રમ કન્યાઓ મને ગાંડો ગણતી ને કેવી પજવતી ! ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખીને નિઃસંકોચ પણે ફરનાર, અરે! ફાટેલાં કપડાં પહેરી સેંટ્રલ બેંકમાં જવાથી કલાર્ક પૈસા આપવાની ના પાડે ને મેનેજરને મળવું પડે એવો દેખાવ ધારનાર, બને તેટલી રીતે સા...વ ગમાર દેખનાર, અક્કલ હોંશિયારીનો મોઢા પર છાંટો...ય ન મળે ને એવી રીતે ''ગધેડા''ની ઉપમા પણ પામનાર, એવા મારા પર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી !

"દીસે બાર મેઘ સમ વરસતો પ્રેમ જીવનો,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે"
આટલો બધો ને આવો ભાવ મળે તે શાથી ?
"એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો[૨]"

★ ★ ★

પરમકૃપાળુ શ્રી ભગવાને આ આ જીવનો સ્વાંગ ને જીવનપ્રવાહ બદલાવ્યો છે. એથી જોઉં છું કે મારે એના નિમિત્તે રૂપ બની જે સ્વજનો. આ માર્ગે વાળવાના હેતુથી મળશે. તેમને એની કૃપાથી દોરવાનાં છે. આમ એનું સાધન, એનું નિમિત્તરૂપ, એને જ બનાવવા ઈચ્છ્યું છે, પછી તે અંગેના કર્મોમાં બીજું તત્વ પ્રવેશ પામવાનું નથી; એવી દ્રઢ શ્રદ્ધા એની કૃપાથી હતી ને છે.

------------

## સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય

સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦-જી હેઠળ કરમુક્ત છે, હરિઃૐ ઓમ આશ્રમ, નડિયાદનો દેનાબેંક, નડિયાદ શાખાનો બેંક એકાઉન્ટ નંબર : ૧૦૦૮૧૦૦૦૪૫૯૮ છે. (IFSC: BKDN0221008, MICR : 387018002) જેમાં દાતાશ્રી કોરબેંકીંગ દ્વારા ખાતામાં અનુદાનની રકમ રોકડા/ચેકથી જમા કરાવી શકશે. (દાતાશ્રીઓને અનુદાન સાથે પૂરું નામ, પૂરું સરનામું, ફોન નંબર, દાનનો હેતુ લખીને ચેક હરિઃૐ આશ્રમ, નડિયાદના નામે ટપાલ / કુરીયરથી મોકલવા વિનંતી છે.)

અગાઉના દિવસોમાં સંસ્થાની નિષ્કામ જનસેવાની પ્રવૃત્તિઓમાં ઉદારદિલથી દાતાઓએ સ્વૈચ્છિક સહાય આપી તે દાતાઓને અભિનંદન. સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે.

**હરિ : ૐ આશ્રમ,**
પો. બો. નં. ૭૪, મુ. નડિયાદ
જિ.ખેડા પીન નં. ૩૮૭૦૦૧
ફોન નં. ૦૨૬૮-૩૨૪૬૨૮૮, ૭૮૭૮૦ ૪૬૨૮૮

# ૬. ધ્યાનનો ચમત્કાર

ધ્યાનનો ચમત્કાર કહો કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે તેનો એક પ્રસંગ કહો તેવા એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો ટાંકુ

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને બે બહેનો (સાક્ષર શ્રી નરસિંહ રાવ દિવેટીયાની દોહિત્રીઓ) સાથે મારે રહેવાનું હતું. સામાન્ય રીતે તેઓ ઘરેણાં બહુ ઓછા પહેરતાં. એક વખતે બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. મેં મુરખાએ તે મારા પહેરણના ગજવામાં મૂક્યું. થોડા કલાક પછી એ બે બહેનો સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવના દર્શને જવાનું થયું. અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યા. ત્યાં મધુર ભાવે શરણાઈ વાગતી હતી તે સાંભળવા રોકાયા. તે પછી અમે અમારે મુકામે પાછા આવ્યા.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકા વિહાર અર્થે જવાનું હતું...... બહેને મને કહ્યું કે તમારા કપડા બધાં બદલો. બધા કપડાં મેં બદલ્યાં. પહેરેલાં પહેરણના ગજવામાંથી જે તે બધું નવા પહેરણના ગજવામાં મુકવા માટ્ટે જુના પહેરણના ગજવા ફંફોસવા માંડ્યા; તે વેળા માલુમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું હતું. ઘરેણાં ચોરાઈ ગયા છે ! મને થયું કે મારે ભરોસે જે મૂક્યું તેની સહીસલામતી ને જે જવાબદારી મારી પોતાની જરૂર ગણાય એનું ભાન મને બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તેને નજીવી ગણીને જરાકે મહત્વ આપ્યું નહિ તેને માટે તે ઘણું ઉત્તમ ગણાય, પરંતુ એનું મને દુઃખ દર્દ હતું.

અમે ગંગા માતાના પુનિત પ્રવાહમાં નૌકા વિહાર માટે ગયા. નૌકામાં બહેનોનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયા. ભજનો સાંભળતાં મને દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને શરીરની સ્થિતિ બાહ્યભાન-રહિત થઈ ગઈ. તે પહેલાં ઘરેણાંનુ ગજવું કોણે કાપ્યું હશે અને મારી જવાબદારી હું અદા ન કરી શક્યો. તે દર્દનો વિચાર સ્ફુરી ગયેલો ખરો. ભાવાસ્થામાં ઊંડું જવાતાં ત્યાં એક દ્રશ્યનો અનુભવ થયો તે અદભૂત ને રોમાંચકારી હતો. વિશ્વનાથના મંદિરમાં કોણ ને કેવી રીતે ગજવું કાપ્યું તે દ્રશ્ય આબેહુબ દેખાયું. તે વેળાએ મારાથી કહેવાઈ ગયુ કે, “અલ્યા, આ ઘરેણાં મારાં નથી. મને કોઈકે મૂકવા આપેલા છે અને હું તો ગરીબ માણસ છું. હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલ્કત તારાથી જીરવી શકાશે નહિ. તું મને પાછી સોંપી જા.

મારું રહેઠાણ અમુક ઠેકાણે છે. સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધો પોણો કલાક હિન્દુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં છું." આ બધું ધ્યાનાવસ્થામાં બનેલું. એવી અવસ્થાથી નાની બહેન મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ન રુચે એ સ્વાભાવિક હતું. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બેન કરી શકી. તે પછી અમે પાછા હિન્દુ યુનિવર્સિટીના અમારા મકાનમાં આવી ગયા.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાની હતી ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તેના પરીક્ષા હોલમાં હતાં. હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતા. તે વેળા વેગળેથી એક માણસ હાંફતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો. મારી સાથેની બહેને મારું લક્ષ દોર્યું. મને તે ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે, "ભાઈ સાહેબ! કૃપા કરીને નીચે ઊતરો" હું નીચે ગયો ને તેને મળ્યો. તેણે મને કહ્યું કે, "આ તમારાં ઘરેણાં પાછા લઈ લો. હું આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. કૃપા કરીને તે મટી જાય એવું કરો."

પ્રભુની કૃપાનો ચમત્કાર અનુભવીને મારું હૈયું ભાવથી ગદ્ગદ થઈ ગયું. મને ઘરેણાં મળી જવાથી એવી નિરાંતનો અનુભવ પ્રગટ્યો કે જેનું વર્ણન ભાષામાં ઉતારી શકું એવું જોર મારી કલમમાં નથી. વળી પેલા માણસે કાલાવાલા કરી મને પગે પડી કહ્યું કે "ભાઈ સા'બ ! મારો આ પ્રચંડ દાહ મટાડી દો." મેં તેને કહ્યું કે, "ભાઈ! આ મારા ભગવાનની કરામત છે. તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું ?" તેણે કહ્યું કે, "ગઈ કાલની સમી સાંજ પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમ્યાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ તર્યા કરતી હતી. તમે ક્યાં રહો છો તે જગાની મને ખબર પડી હતી સવારના તમે ક્યાં હશો તે પણ હું દેખી શકતો હતો. રાતે આવવાની મારા શરીરમાં શક્તિ નહોતી. અત્યારે પણ નથી. પણ જેમ તેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું થયું, ત્યારે ચાલી નહિ શકાય એમ લાગતું હતું. પણ પછી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડયા જ કરવાનું બન્યું છે અને એક શ્વાસે અહિ આવ્યો છું, માટે કૃપા કરીને તમે આ દાહ મટાડો."

મેં તેને અચાનક એમ કહ્યું કે, “ભાઈ ! હવે એક વ્રત લે. વિશ્વનાથના મંદિરમાં દર્શન આવનારનું ગજવું કાપીશ નહિ. તું તે વચનનું પૂરેપૂરું પાલન કરશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તે તેના કેવા હાલ હવાલા થાય ! તે બિચારા ગરીબને કેવી હેરાનગતિ ભોગવવી પડે. માટે કૃપા કરીને મંદિરમાં કોઈનું ગજવું કાપવું નહિ. એવો અડગ ટેક લે.” તેણે કહ્યું કે, “ભુખે મરીશ પણ મંદિરમાં કોઈનું ગજવું કાપીશ નહિ.” મને તેના કથન પર વિશ્વાસ પ્રગટ્યો. મેં પ્રભુને તેનો દાહ મટાડી દેવા દિલમાં દિલથી પ્રાર્થના કરી અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો તેણે અનુભવ્યો અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

આ પ્રકારનો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રકટે અથવા જે સંકલ્પ જે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આપમેળે પ્રગટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો.

કાનપુરમાં એક ગાંડા જેવો માણસને મળવા ગયા હતા. નવા ગંજમાં એક રાજારામ કરીને સદ્‌ગૃહસ્થ રહેતા. લગભગ ૭૦ વરસની ઉંમર હશે. (૧૯૩૯માં). પોતાનું ઘર છે, પણ તદ્દન બેહાલ, બિસ્માર સ્થિતિમાં. આંગણામાં એક નાનકડી કૂઈ છે. પોતે કશો સંગ્રહ કરતા નથી. પોતે સવાર-સાંજ ફરવા નીકળે તો નીકળે. લોકો એને ગાંડો ગણે છે. મુસલમાનો સલામ કરીને હિન્દુઓને ‘સિતારામ’ કહે. કોઈ પાઈ-પૈસો આપે ને વળી લહેરમાં હોય તો લે ને કોઈને આપી દે. કદીક કદીક ચાહ પોતે બનાવે ને તેમાં દહીં નાખે ! કોઈક ખાવાનું આપે તો ખાય. કશાની પરવા નહિ. આકાશવૃત્તિ રાખે. સરસ ભજન ને સાખીઓ ગાય. મસ્તરામ હતા. તા.૨૨-૯-’૩૯ની રાતે અમે તેમની પાસે ગયા હતા. તે તથા હું ધ્યાનમાં જતા રહ્યા. ધ્યાન છૂટ્યા પછી અમે બંને ખૂબ ભેટ્યા. તેઓ ધ્યાનમાં મને પગે લાગ્યા હતા. બીજે દિવસે પાછા અમે જ્યારે અમસ્થા વાતો કરવા ને મળવા ગયા, ત્યારે છૂટા પડતી વખતે ભેટ્યા. આ જીવ ને પગે લાગવા જતાં આઘો ખસી ગયો. એ તો આઘે સુધી મને વળાવવા આવતા હતા, પણ મેં ના પાડી ત્યારે એમણે પોતે જ કહ્યું કે, “ગઈ કાલે તો તેમને હું પગે લાગ્યો હતો. આજે કેમ લાગવા દેતા નથી?” મસ્ત લોકોના ઊલ્ટા વહેવાર હોય છે. એમનો પ્રેમ પણ એવો જબ્બર હોય છે. તે વેળા એમના સુંદર ભાવની ઝાંખીનો અનુભવ થયેલો પરંતુ “રબકી મરજી કયા જાને !”

---

# ૭. સાચી ઈશ્વર ભક્તિ

(અનુષ્ટુપ)

દેવમંદિર બેઠેલો, ખરો તે દેવ ના ગણો,
જગાડવા ખરો દેવ, એ છે સાધન માત્ર તો.

કામાદિ રાગ ને દ્વેષ, થતા ઓછા અનુભવો,
પ્રભુમાં રે'તું હો ચિત્ત વધુ, તો યોગ્ય જાણજો.

પ્રભુની ભક્તિ જો સાચે ભાવે તે કરતાં હશું,
પ્રત્યક્ષ પરિણામો સૌ જીવને ભાળતાં જશું.

ખાલી નામ લીધાથી કૈં આપણું વળવાનું ના,
ભાવવૃદ્ધિ થતાં જાણો ફળતું નામ ઉરમાં.

આશા ઈચ્છા, કશી તૃષ્ણા એવાએ રાખવી નહિ,
ઊઠતી તે જુઓ ત્યારે, પ્રભુને સ્મરવા ચહી.

પ્રભુ વિના કશો ખ્યાલ ઊઠવા દ્યો ના ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તો થયા જે કરશે સદા.

(૨)

અનંત કાળથી વિશ્વ ચાલ્યા; જે કરતું દીસે,
એની સંભાળ લેનારું બેઠેલું કોઈ તો હશે.

પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા, વિશ્વાસ, જીવતાં
જેને બેઠા હશે ઊંડા તેવા નિર્ભય રે' સદા.

આપણે આપણા ભાવે રળવાનું ચહ્યા કરો,
એ જ મહત્વનું કાર્ય આપણું સૌ ગણ્યા કરો.

લગાતાર રહે છે જે એકના એક કામમાં,
બુદ્ધિ તે કામ ઉકેલે કેવી સૂક્ષ્મ-કરે થયાં !

એવી પ્રત્યક્ષ જે વાત એનો લાગ્યા કરે હૃદે,
પોતાનો ગુરુ એવો તે ત્યારે ખરેખરો બને.

કોઈના પર આધાર ત્યારે ના રાખવો પડે,
ઉકેલ સર્વ વાતોમાં મેળે એનો જડ્યા કરે.

થતાં પૂરી પ્રભુભક્તિ એવું આપણુંયે થશે,
સાચી ભક્તિ ઊગી ત્યારે ઘટે તે પ્રીછવી હૃદે.

-----

# ૮. સાધનાની પારાશીશી

(અનુષ્ટુપ)

પ્રભુ દોરવણી નીચે મુકાઈ પ્રેમથી જવું,
કોઈ ભાગ ન બારે રે' એવું સૌ કરી નાખવું.
ખુલ્લા થાઓ પ્રભુ પ્રત્યે, આપણાં સર્વ કર્મને,
પ્રભુ-દોરવણી નીચે મુકી દ્યો પ્રાર્થીને હૃદે.
ઉન્મુખતા પ્રભુ-પ્રત્યે પ્રેમ-ભાવથી રાખજો,
એવા પ્રયત્નની ધારા વહેતી અખંડ રાખજો.
તટસ્થતા, હૃદે શાંતિ, સ્થિરતા, સમતા,-દશા
થવા સારું, પ્રભુની તે કૃપા-સ્હાય કરો ચહ્યાં.
તેવું તેવું થવા સારું પોતાથી બનતું બધું,
કરી સૌ છૂટવું ખંતે, કૃપા તે સાથે માગજો.
પોતે કર્યા વિના એની કૃપા જો માગશો તમે
ઊભો ના પડખે રે'શે પ્રભુ પોતાની મેળ તે.
જે તે કર્યા કરો તેમાં પ્રત્યક્ષ કેટલાં રહે,
એ બધાં સાધના-માપો આપણે જાણવાં હૃદે.
ઈશ્વરેચ્છા પરે રે' છે કેટલી શરણાગતિ
વિચારો શા કરે પેદા તેયે જે એક માપ છે.
જ્ઞાન-વિવેકની શક્તિ ખીલેલી પુષ્પ જેમ રે'
વર્તન કોરું એવાનું થશે ના કોઈ રીતિએ.
પ્રત્યેક વર્તને એવા પ્રાર્થના કરવી હૃદે.
પ્રાર્થ્યા વિનાનું એવાને કશુંયે ખપશે ન તે.
આહારે ભાવના રાખી જે યોગ્ય પ્રાર્થના કરો,
મળમૂત્ર જવા કાળે યોગ્ય તે ભાવના ધરો.

બીજાંની સાથ શી રીતે વર્તતાં શ્રેય સૌ તણું.
થતું રહે હૃદે એવો ભાવ ત્યાં રાખવો ઊંડો
'વર્તતાં કાંઈ કો' સાથે એથી એને થશે શું શું'
આવી જવો ઘટે ખ્યાલ મેળે હૃદે પૂરો.
પરોવી ભાવના કામે કરો ઉકેલ કામનો,
થયેલું કામ તે વિના આપણું કામનું ન તો.
કેટલી જાગૃતિ રાખી, કેટલી કાળજી લીધી,
ચેતના કેટલી રાખી આધાર એ પરે બધો.
હૃદે પ્રભુ-તણો ભાવ પ્રત્યેક કર્મમાં રહે,
આપણો કેટલો કેવો, તોળાય સર્વ તેથી જે.
કર્મ પ્રભુતણો ભાવ બઢાવવા મળ્યા કરે,
ખ્યાલ તે રાખીને ઊંડો કર્મ સૌ કરવાં ઘટે.
શુષ્કતા ના થવા દેવી કર્મમાં પેસતાં હૃદે,
આપણે આપણું જોતાં રહેવું બધી પેરથી.
છેતરાઈ જવાવાનું ક્યાંયે જે રાખવું નહિં,
શુદ્ધ ચિત્ત કરી રાખ્યા ભાવ-કક્ષા વધારવી.
અજંપો તે કશી વાતે આપણે ધરવો નહિં,
થતું હો જેમ તેવું સૌ થવાવા દ્યો બધું સહી.
કિંતુ વિવેકનું જ્ઞાન ચેતનાવાળું રાખવું,
થતું રે' તેથી કોઈનું કૈં ન ખોટું ઘટે થવું.
બધા દોર મૂકી છૂટા એક તારે હૃદે ઊંડે
પ્રભુભાવે રહેવાનું રાખ્યા કરો મથી ઘણું.

--------------

# ૯. શ્રી મોટાનાં બહુવિધ સ્વરૂપો.

## ૧. માતૃભાવ દર્શન

૧૯૬૫માં ડભાણ ગામે રામનવમીનો ઉત્સવ ઉજવાયો ત્યારે એક સ્વજનનાં માતૃશ્રી મુંબઈથી પહેલી વાર શ્રીમોટાનાં દર્શને આવ્યા. તેમને જોઈને શ્રીમોટા એકદમ ઊભા થઈ ગયા ને આંસુ સાથે વૃદ્ધ માનો હાથ પકડીને બોલી ઊઠ્યા : ''મારે માથે હાથ મૂક, મારે મા નથી.'' આમ પ્રથમ દર્શને જ માને હેતથી ભીંજવી દીધાં. ઉત્સવ પૂરો થયા બાદતે માતૃશ્રી વિદાય લેવા શ્રીમોટા કને આવ્યાં ત્યારે તેઓશ્રી કહે, ''મા, મને દત્તક લઈ લે મારા પર ભાવ રાખજે.'' અને બાને તેઓ ભેટ્યા દીકરાની જેમ ભાવની આવી રેલમછેલ કરવાની તેમની કેવી કળા !

## ૨. હૃદયપ્રવેશ

ડભાણ ગામના એક મોટા વેપારીને બીજા એક મિત્રની સાથે શ્રીમોટા કને આવવાનું પહેલી વાર થયું. શ્રીમોટાના દેખાવ પરથી ને બોલી પરથી એ ભાઈને થયું કે, શું કામ લોકો આવા માણસને પગે લાગતા હશે? ! કાંઈ ખબર પડી નહિ. ત્રણ વર્ષ વીતી ગયા. તે બાદ બીજી એક વાર તેમને શ્રીમોટા કને નડિયાદ આશ્રમે આવવાનું થયું. ઘરની ગાડી એટલે અવારનવાર આવે. શ્રીમોટા તેમના ધંધા ને ઈતર પ્રવૃત્તિઓની જ વાત કાઢે. પ્રેમથી વાર્તાલાપ કરે. ઈતર કોઈ ઉપદેશ નહિ. ધીમે ધીમે વેપારી ગૃહસ્થને શ્રીમોટાની લગની લાગવા માંડી. તેમના ઘરનાં બધાં માણસો શ્રીમોટા કને આવવા લાગ્યા. ઘરની સાહ્યબી ઘણી ઘણી છતાં આશ્રમનું નાનામાં નાનું કામ પણ તેઓ કરવા લાગ્યા. વર્ષો વીતતાં તેઓ શ્રીમોટાના સ્વજન બની ગયા છે ને આશ્રમની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે.

એક બહેન શ્રીમોટાને સાબરમતી આશ્રમે દર્શન સારું ગયેલાં. ત્યારે અન્ય માણસો પણ હતાં. વાતો ચાલતી હતી. તે દરમ્યાન તે બહેનના મનમાં એક જણના વિશે અન્યથા ભાવના વિચારો ચાલી રહ્યા હતા. શ્રીમોટાએ તેમને પકડી પાડતાં કહ્યું, ''બહેન! આપણે

આવા વિચારો ન કરવાં જોઈએ. આપણે માટે તે શોભાસ્પદ નથી.'' બહેન ચમકી ગયાં.

એ જ બહેને એક વાર સુરતથી વડોદરા જતાં હતાં તે જ ટ્રેઈનમાં શ્રીમોટા અને ભીખુભાઈ નવસારી જાય. બધા એક જ ટ્રેઈનમાં પણ એકબીજાને દેખી શકે નહિ એટલા દૂરદૂરના ડબ્બામાં બેઠેલાં. આ બહેને બહાર ડોકું કાઢીને મનોમન ઈચ્છયું, ''મોટા, મોટા એક વાર દર્શન આપો!'' થોડી જ મિનિટોમાં તેઓ એકદમ દોડતા આવ્યા ને પૂછયું, ''મને કેમ બોલાવતી હતી?'' ''દર્શન માટે!''

**૩. સંવાદ**

દંપતીમાંથી એક જ શ્રીમોટાને વરેલું હોય અને તેને લઈને ઘરમાં ટંટો થતો હોય તો તેઓશ્રી એવી કળા કરતાં હોય છે કે બંનેને તેમના પ્રત્યે ધીમે ધીમે રાગ થાય ને બંનેનું સુખ અંતે વધે. એક દંપતિ, પતિ શ્રીમોટાના ભક્ત. મૌનમાં બેસવા જાય, પણ પત્નીને તે ગમે નહિ એટલે કજિયા થાય. એટલે શ્રીમોટાએ ભાઈને તેમ કરવા મના કરે છતાં ભાઈ તો તેમનું બધું બીજું કામ કરે એટલો ભાવવાળો. તેમના ઉત્સવોમાં પણ હરવખત ભાગ લે. ધીમે ધીમે પત્નીનું વલણ બદલાયું અને પતિ ફરીથી મૌનમાં જતા શરૂ થયા છે.

ભાવવાળા ભક્તને અને ભક્તમાં વધુ ભક્તિ જગાડવા તેઓશ્રી કહે : ''મારી સાથે લગ્ન કર.''

કોઈ નામે હોય 'કંચનલાલ', 'ધીરજલાલ', 'પ્રકાશવીર', 'હસમુખ' વગેરે પણ હકીકતમાં તેનામાં તેથી ઊલતા ગુણ હોય, તો તેઓશ્રી કહે, ''ભાઈ નામ બદલવું પડશે! આટલા રહ્યા પણ તમને કોઈ દિને હસતા ન જોયા.'' એમ હસમુખરાયને કહે !

કોઈ બરાબર ધ્યાન આપીને અભ્યાસ ન કરતો હોય તો- ''ભઈલા, ધ્યાન દઈને ભણજો, નહિ તો મારા જેવું બોડું કરાવવું પડશે.'' માથા પરનું ફાળિયું ઊંચું કરીને કહે.

કોઈ અન્યથા પ્રવૃત્તિ કે એવી વલણવૃત્તિવાળો હોય તો કહે, ''કેમ ચાલે છે ? જો જે ભાઈ ! મારી આબરૂ ના જાય !''

સગાંવહાલાં જીવતે તેઓ ઊંદર-બિલાડીની જેમ લડતાં હોય ને એમનામાંથી એકાદ જણનું મૃત્યુ થતાં બંને શ્રીમોટાની આગળ જઈ રડવા લાગે ત્યારે તેઓશ્રી કહે, ''જીવતાં તો ઘણું એને હેરાન કરતો હતો. હવે શેના વેવલાવેડા કરે છે ? જા, જઈને એના માટે પ્રાર્થના કર્યા કર.''

ગુજરાત રાજ્યના એક નિવૃત્ત ઉચ્ચ અમલદાર શ્રીમોટાનાા સ્મરણો યાદ કરતાં કહે : 'પૂજ્ય શ્રીમોટા જ્યારે મારે ઘેર પધારેલા ત્યારે મારા પુત્ર સામુ જોયું અને એમની આંખોમાં આંસુ છલકાયાં. આખું વાતાવરણ ભાવમય બની ગયું. એ અવસ્થામાં એમણે મારા પુત્રને કહ્યું, ''તું તો મારો નાનોભાઈ છે!'' આવા આત્મીય ભાવોની શ્રીમોટાએ હેલી કરી. ત્યારથી શ્રીમોટા એવી પ્રક્રિયા મારામાં કરી રહ્યા છે કે 'હરિ ઃ ૐ' નો જાપ થયા જ કરે છે. ભાવનું ઉદ્દીપન થયા કરે છે. મને તેમની યોજનાઓ, તેમનું કાર્ય એટલું બધું ગમે છે કે હું મારી મર્યાદાઓમાં રહીને તેમને સાથ આપી શકું છું. એક વ્યાપક પ્રેમસાગરમાંથી જાણ મોજાં આવ્યા જ કરતાં હોય એમ લાગે છે. એમની આવી લાક્ષણિક રીત છે.'

કોઈ સ્વજન પરીક્ષામાં વારંવાર નાપાસ થતો હોય તો તેને ઘણો ઉત્સાહ આપે ને પ્રયાસ છોડી નહિ દેવાનું જણાવે. પરીક્ષા શરૂ થતાં પહેલાં તુરત પોતાને પરીક્ષાની તારીખો લખી જણાવવાનું તેઓ કહે જેથી તેમને તેની યાદ રહે ને લખી જણાવનારને પ્રેરણા રહ્યા કરે.

પોતા પ્રત્યે નવાસવા ભાવ જાગે એટલા માટે તેની બધી સંસારી કથા, સગાંવહાલાં, ધંધો, વેપાર, ભણતર-ગણતર વગેરે સંબંધે પૃચ્છા કરે. કોઈ વાર જમવાનું પોતાની મેળે આમંત્રણ પણ લઈ લે.

### ૪. પ્રોત્સાહન

કોઈ ભાવિક બહેનોને શ્રીમોટાની પધરામણી વખતે ઘણાં માણસોનું રાંધતાં ગભરામણ થતી હોય, 'નવરસ' થઈ જતી હોય એટલે સર્વ રીતે તેમના માટે ભાવ છતાં 'પ્રસાદ' લેવા બોલાવી ના શકે. તો બે ત્રણ વર્ષે પોતે જ કહે કે, ''તારે ત્યાં ખીચડી ખાવા આવીશ. બીજું કાંઈ બનાવીશ નહિ. માત્ર ખીચડી ને શાક.'' અને અક્ષરશઃ તે જ કરવાનું હોય. પછી જમવા ટાણે અર્ધા કલાક અગાઉ જાય ને અંદર પ્રવેશતા પૂછે, ''ઓ... બહેન,

શું બનાવ્યું છે ?... થઈ ગયું બા?... શાબાશ... લાવ જોઉં શાક ચાખું.'' ચાખીને કહે ''સરસ થયું છે હોં, બરાબર.'' ને બીજી બહેનને કહે, ''જો આવુ જ તું બનાવજે.'' આવુ કહે એટલે તેમને જમવા બોલાવવા કોને પોરો ના ચઢે ? અને આ બધાંનો હેતુ શો ? પ્રેમમૂર્તિને તે તે ભક્ત પ્રતિ તેનો દિવ્યપ્રેમ-ચેતનભાવ અર્પવાનો જ. જેથી તેના સ્વભાવનું રૂપાંતર થાય.

કોઈ નીકટનો ભાઈ પ્રકૃતિવશ થઈ જતો હોય તો તેને એકાએક ઘાંટો પાડી સંભળાવે, ''સંસાર સામે શું જોયા કરે છે ? સ્થૂળને ક્યાં સુધી પકડી રાખીશ? ગમે ત્યારે સંસારને છોડવો તો પડશે ને?''

**૫. આત્મીયતા**

એમના ઉત્સવ દરમ્યાન સ્વજનના ઘરમાંથી એકલાં મા-બાપ આવ્યાં હોય - ઘરે છોકરા-છોકરીને મૂકીને - ત્યારે તેઓશ્રી કહે, ''ફલાણા કે ફલાણીને કેમ નથી લાવ્યા ? એને મોટા પર આટલો ભાવ છતાં આજે નથી લાવ્યાં ? આ મને ના ગમે હો?''

**૬.ગમ્મત.**

નાનાં છોકરાં માબાપની સાથે આવ્યાં હોય તો તેઓશ્રી છોકરાંને પહેલાં બોલાવે ને મોટીબહેનને પૂછે, ''બાને કામ કરવા લાગે છે ?'' નાનાભાઈને પૂછે, ''મોટીબહેનને વિતાડે છે ખરો ? બા નાસ્તો રોજ કરી આપે છે ? ના કરી આપતી હોય તો રોજ માગવો.''એક વાર મારી બાએ પુલ્લા બનાવ્યા તો કહું, ''બા, આ તો મોળા છે.'' બીજી વાર ખાઈને કહું, ''આ તો જાડો છે.'' ને એ રીતે સાત વાર જુદા જુદા પુલ્લા કરાવીને ખાધેલા !

**૭. ખરી દક્ષિણા**

કોઈ મા-બાપ તેના દિકરાને પૂરતું વહાલ કરતું ન હોય તેવામાંથી કોઈ તેમને દક્ષિણા આપે તો કહે, ''પલાને વહાલ કરજે - તે જ મારી દક્ષિણા.''

# ૧૦. જનેતાને અંજલિ

## (મંદાક્રાંતા)

જે માતાએ નિજ ઉદરમાં ભાર સેવ્યા કરીને,
કષ્ટો વેઠી નવજીવનનો આપિયો જન્મ વિશ્વે;
એ માતાને જીવન મહીં મેં કૈં ને સંતોષ દીધો,
ને આઘાતો વળી ઉપરથી કૈંક આપ્યા કરેલા.

## (શિખરિણી - મંદાક્રાંતા)

છતાં જેણે મારી પર હૃદયમાં ના અસંતોષ આણ્યો,
ગણી વ્હાલો હૈયે સગવડ મને દીધી શી માર્ગ પ્રત્યે;
ઘણું વેઠ્યું પોતે જગત-જનની-શી ટીકા તેં સહી મા !
અમોને તેં તો મા ! કદી નથી દીધું આવવા એવું કૈં મા !
તને પૈસે પૂરી સુખી નવ કરી, તારી મા, પૂરી આશા
ફળાવી એકે ના કદી પણ શક્યાં-શું અમે પુત્ર પાક્યા !
રહ્યો' તો મારામાં મુજ જીવનની ધૂનમાં મસ્ત હું ને,
જરાયે આપ્યું ના તુજ પર કદી ધ્યાન મેં કોઈ વાતે.
તને ઓછું આવે ત્યમ જગતમાં વર્તવાનું બન્યું' તું,
છતાંયે મેં તેં માડી ! અમ શિર પરે હાથ રાખ્યો કૃપાળુ,
સહી લીધું જાતે પણ દુભાવવા ના દીધાં તેં અમોને,
કઈ રીતે તારું ઋણ પતવવું ના સૂઝે મૂર્ખને જે.
હતા આશીર્વાદો તુજ અમ પરે પામિયા તેથી લ્હાણ,
છીએ આજે જે કૈં અમી નજરનું તે પરિણામ સ્પષ્ટ;

અમોને આપીને તુજ જીવનથી માનવી જન્મ રૂડો
ગણાવું શા તારા અમ પર બધા, જીવને ઉપકારો.

કઈ રીતે ભૂલું જનની તુજને ! પ્રેમ-કલ્યાણવાળું,
મને તો લાગે છે તુજ બિરદ મા ! શ્રેયને આપનારું,

જતાં તેં ના વાર્યો ધરી મુંજ કને મારી મુશ્કેલીઓને,
પછી મૂંગે મોઢે સહન કરવું જાણ્યું મા ! માત્ર શું તે ?

ગરીબીમાં ગાળ્યું તુજ જીવન મા ! આખું યે ગાળ્યું તોયે,
ન બૂમો પાડી કે અવર સમીપે રોદણાં ન રડ્યાં તેં,

થતી જ્યારે દુઃખી અતિશય મને ને અસંતોષ સાલ્યે,
બળાપા કાઢ્યા છે અમ વિષયમાં શો છતાં પ્રેમ હૈયે ?

શકું જો સંતોષી મુજ જીવનથી હું તને માડી પૂરું,
શકું જો દીપાવી મુજ જીવનથી નામ તારું મધુરું;

શકું જો ફેલાવી જીવન-સુરભી એક તારી કૃપાએ,
જીવ્યું મારું તો હું સફળ ગણું ને શો કૃતાર્થી થવાયે !

કૃપા દ્રષ્ટિ તારી અમ પર સદા રાખતી માંડી ! રેંજે,
અમોને પ્રેરાવ્યા જીવન કરજે શ્રેયને માર્ગ ખંતે,

જતાં ઊંધું ક્યાંયે વલણ અમને, વાળજે માર્ગ સીધે,
અમારામાં તારું જીવન પૂરું ખીલજો ભાવમાં તે.

-----

હરિ : ૐ આશ્રમ નડિયાદ

॥ હરિ ૐ ॥

# આરતી

ૐ શરણ ચરણ લેજો, પ્રભુ શરણ ચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો ...... ૐ શરણ ૦

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મનવાણી ને દિલને (૨) કૃપાથી એક કરો... ૐ શરણ ૦

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો... ૐ શરણ ૦

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા.... ૐ શરણ ૦

મનના સકળ વિકારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો... ૐ શરણ ૦

જેવા હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી કરજો (૨) સ્પષ્ટ જ પરખાવા... ૐ શરણ ૦

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો... ૐ શરણ ૦

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ... ૐ શરણ ૦

મન, મતિ, પ્રાણ પ્રભુ તુજ ભાવ મહીં ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ... ૐ શરણ ૦

ૐ શરણ ચરણ લેજો, પ્રભુ શરણ ચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહ ઉર લેજો.... ૐ શરણ ૦

**શ્રી મોટા**

॥ હરિ ૐ ॥



પૂ. શ્રીમોટાના જન્મદિન નિમિત્તે
વક્તવ્ય આપતા શ્રી ડૉ. ગૌત્તમભાઈ પટેલ



પૂ. શ્રીમોટાના જન્મદિન નિમિત્તે
સ્વજનોનો ઋણસ્વીકાર કરતા
શ્રી જીતેન્દ્રભાઈ અમીન



હરિઃૐ આશ્રમ, નડિયાદમાં
ચર્ચા-વિચારણા કરતાં ટ્રસ્ટીશ્રીઓ

# ॥ પૂજ્ય શ્રી મોટાનાં વચનામૃત ॥

શરીર માત્ર 'મોટા'ના મોટા તો કોઈ ઓર છે,
મોટાની ભક્તિ લાગતા મોટા ને ઓળખી શકો.

'મોટા' એમના એમ કદીયે ના થવાય છે,
તમ-ત્યાગ-તપશ્ચર્યા એવું કૈ કરવું પડે.

જે જે કાંઈ કમાતા હો, ધરો તે પ્રભુને પદે,
ભાર ના રાખશો માથે કશાનોય કશા વિષે.

આપો હરિ ને જે તમે 'હરિ' તે આપતો પાછું,
'હરિ' સવાયુ આપે છે. એવો 'હરિ' ઉદાર છે.

ન આધાર કશો જેને, જીવનમાં કોઈનોય છે,
સસ્મરણ જેવો જીવન બીજો ન બળિય કોઈ ટેકો છે.

પ્રભુનુ નામ લીધા તે સતત કરજો હ્રદયમાહે,
પ્રભુ સારુ બધુ કરશે હ્રદય વિશ્વાસ ધરજો તે.

વફાદાર 'હરિ' જેવો જગે કોઈ માનવી ના છે,
'હરિ' ના માનવી તો યે બને ભક્ત તે માટે તે.

- શ્રીમોટા

પ્રિન્ટેડ મેટર

હરિઃૐ આશ્રમ,
પી.ઓ. બોક્ષ નંબર-૭૪
નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૫૯